
ડિસે.-૨૦૧૬,જાન્યુ.-ફેબ્રુ-૨૦૧૭ ઈ-ન્યુઝલેટર અંક નં. ૧૪

# સ્માર્ટ રાજકોટ

## આ અંકની હાઈલાઈટ્સ

- રાજકોટ મહાનગરપાલિકા તથા વન વિભાગ દ્વારા ગાર્ડન એક્ઝિબિશન - ફ્લાવર શો યોજાયો
- મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ૧૦૦૮ આવાસોનું માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે લોકાર્પણ
- ૧૫૦ ફૂટ રિંગ રોડ પર મવડી-રૈયા ચોકડી પર નિર્માણ પામનાર ફ્લાય ઓવર બ્રીજનું માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈના વરદ હસ્તે ખાતમુહૂર્ત
- નાણાકીય વર્ષ ૨૦૧૭-'૧૮નું રૂા.૨૫૩૭.૩૫ કરોડનું બજેટ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮



# દોડ્યું રાજકોટ... જીત્યું રાજકોટ...

RAJKOT CITY POLICE

હોંગકોંગ પછીની એશિયાની બીજી સૌથી મોટી રાજકોટ ફુલ મેરેથોન

RAJKOT MARATHON 2017

રાજકોટ મેરેથોન ઈતિહાસ સર્જ્યો : ૬૩,૫૯૪ રજીસ્ટ્રેશન :

# ભારતની સૌથી મોટી મેરેથોન યોજવાનું ગૌરવ રાજકોટને મળ્યું




## "અદભૂત...અકલ્પ્ય... અવર્ણનીય...અને... યાદગાર..."

આ શબ્દો હતાં રાજકોટ મેરેથોનમાં ભાગ લેવા ઉમટી પડેલા અને તેઓનો ઉત્સાહ વધારવા વહેલી સવારે જ કલાકથી જ મેદાનમાં ઉમટવા લાગેલા હજ્જારો લોકોના. આજે રાજકોટ શહેર એક નવો ઈતિહાસ સર્જ્યો હતો.

શહેરના તમામ માર્ગો રેસકોર્ષ ભણી ફંટાયા હતાં. ચારેકોરના રસ્તેથી લોકો રેસકોર્ષમાં આવી રહ્યા હતા. ગત સાલ યોજાયેલી હાફ મેરેથોન વખતે ત્યારના દ્રશ્યો નજરોનજર નિહાળવાનું અને તેના માહોલ વચ્ચે પુલકિત થઇ જવાનો મોકો પ્રાપ્ત નહી કરી શકેલા હજ્જારો લોકોએ પણ આજે પ્રથમ વાર આ લ્હાવો મેળવ્યો હતો.

ભારતની સૌથી મોટી અને નંબર વન મેરેથોન બનવાનું ગૌરવ પ્રાપ્ત કરનાર રાજકોટ ફૂલ મેરેથોનને ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી મેરેથોનને વહલી સવારે ફ્લેગઓફ કરી તેને પ્રસ્થાન કરાવતા જ આ આંતરરાષ્ટ્રીય મેરેથોન એક નવું સીમાચિન્હ પ્રાપ્ત કર્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસ દ્વારા સતત બીજા વર્ષે યોજાયેલી મેરેથોન દોડનો રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ઝંડી આપી પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને મેરેથોનના બ્રાન્ડ એમ્બેસેડર ઈન્ટરનેશનલ ક્રિકેટર શ્રી ચેતેશ્વર



પુજારાની ઉપસ્થિતિએ સ્પર્ધકોનો ઉત્સાહ અનેક ગણો વધારી દીધો હતો. સ્માર્ટ સિટી બનવા ભણી આગળ ધપી રહેલ રાજકોટના લોકો પીવાના પાણીના કરકસરયુકત ઉપયોગ, સ્વચ્છતા મિશન, અને ટ્રાફિક બાબતે વધુ ને વધુ જાગૃત થાય તે ભારતની પ્રથમ ક્રમાંક તથા એશિયામાં બીજા ક્રમાંકની દોડ બની છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ શહેરના નાગરિકોના ઉત્સાહ અને ઉમંગને બિરદાવતા કહ્યું હતું કે, અહિંના નાગરિકો મુશ્કેલીને મજામાં પરિવર્તિત કરી જાણે છે.

તેમણે ઉમેર્યું કે, રાજકોટ અને સૌરાષ્ટ્રની પ્રજા ખમીરવંતી છે. ગમે તેવી કપરી મુશ્કેલી કે મુસીબત હોય તો પણ તેમાંથી ઉકેલ શોધી કાઢે છે. રાજકોટવાસી તરીકે મને તેનું ગૌરવ થાય છે.

શ્રી રૂપાણીએ જણાવ્યું કે, રાજકોટે પોતાની આગવી ઓળખને કારણે હંમેશા સમગ્ર રાજ્યને દિશાદર્શન કર્યું છે. રાજ્ય સરકારના કાર્યક્રમમાં નવતર પ્રયોગો અને લોકોને તેમાં સહભાગી બનાવી મેરેથોન જેવા કાર્યક્રમો યોજાયા છે, તે અન્ય પ્રેરણારૂપ છે.

મુખ્યમંત્રીશ્રીએ ફુલ મેરેથોનમાં ભાગ લઇ રહેતા દોડવીરોના ઉત્સાહની સરાહના કરી હતી. તેમણે કેન્સરગ્રસ્ત, હિમોફેલિયાગ્રસ્ત દોડવીરો ને બિરદાવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી તથા મહાનુભાવો એ રાજકોટ ફુલ મેરેથોન અને અન્ય દોડને ઝંડી આપી તેનો પ્રારંભ કરાવ્યો હતો. રાજકોટ શહેરના નાગરિકોના ઉમંગ તથા ઉત્સાહને વધાવી લીધો હતો. આ મેરેથોનના એમ્બેસેડર તથા ક્રિકેટર ચેતેશ્વર પુજારા પણ દોડમાં જોડાયા હતા.

ફ્લેગઓફ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાયે પ્રાસંગિક પ્રવચનમાં રાજકોટ મેરેથોનને ભારતની નંબર વન મેરેથોન બનાવવામાં શહેરીજનો અને અન્ય મહેમાન સ્પર્ધકોએ જે યોગદાન આપ્યું હતું તેની ભરપુર સરાહના કરી હતી. તેમણે રાજ્ય સરકારશ્રી અને કેન્દ્ર સરકારશ્રીના સહયોગ સાથે વિકાસની દિશામાં હરણફાળ ભરી રહેલ રાજકોટ શહેરને હવે સ્માર્ટ સિટી બનાવવાની દિશામાં આગળ લઇ જવા પ્રતિબધ્ધતા પ્રદર્શિત કરી હતી.

આ વેળાએ સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય શ્રીઓ શ્રી ગોવિંદભાઈ પટેલ તથા શ્રીમતી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, સ્ટે. કમિટી ભૂતપૂર્વ ચેરમેનશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઈ રૈયાણી, વિપક્ષ નેતાશ્રી વશરામભાઈ સાગઠિયા અને દંડકશ્રી રાજુભાઈ અઘેરા, ભૂતપૂર્વ સાંસદશ્રી ડૉ. વલ્લભભાઈ કથીરીયા, હેલ્થ કમીટી ચેરમેનશ્રી મનિષભાઈ રાડીયા, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી દલસુખભાઈ જાગાણી, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના શ્રી રાજુભાઈ ધ્રુવ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભૂતપુર્વ ચેરમેન અને શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, મેરેથોનના સ્પોન્સર્સ, પાર્ટનર્સ અને અન્ય સહયોગી સંસ્થાઓના હોદ્દેદારો તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ સ્વાગત પ્રવચન કરતા એમ કહ્યું હતું કે, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજકોટ શહેર પોલીસ દ્વારા યોજાયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાની મેરેથોન ભારતની સૌથી મોટી ઈવેન્ટને ખરા અર્થમાં યાદગાર બનાવવા સૌનો સાથ સહકાર પ્રાપ્ત થવા બદલ સૌ રાજકોટવાસીઓ અને અન્ય તમામ લોકોનો આભાર વ્યકત કરીએ છીએ. મ્યુનિ. કમિશનરશ્રી એ આ ઈવેન્ટને સફળ બનાવવામાં અતિ મહત્વનું યોગદાન આપનાર સર્વે અખબારોના તંત્રીશ્રીઓ, મીડિયા પ્રતિનિધિ શ્રીઓ, તસવીરકારો-ટીવી કેમેરામેનશ્રીઓ સહિતના સૌનો આભાર વ્યકત કર્યો હતો.

૪૧ કિ.મી., ૨૧ અને ૧૦ કિ.મી. ઉપરાંત દિવ્યાંગ તથા સિનિયર સિટીઝન કેટેગરીની મેરેથોન યોજાઇ હતી. દોડવીરો માટે એનર્જી ડ્રિંકસ, પાણી, ફિઝીયોથેરાપિસ્ટ અને ટેમ્પરરી મીની હોસ્પિટલની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. રેસકોર્ષનું મેદાન અને આજુબાજુના









રસ્તા દોડવીરોથી છલકાઇ ગયા હતાં. પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિકની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. મેરેથોન પૂર્ણ થયા બાદ ઉપરોકત મહાનુભાવોના વરદ હસ્તે વિજેતા દોડવીર ભાઇઓ અને બહેનોને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

૬૩,૫૯૪ સ્પર્ધકોના રજી--સ્ટ્રેશન સાથે રાજકોટ મેરેથોન શહેરના માર્ગો પર જનસૈલાબ સર્જી દીધો હતો. રાજકોટવાસીઓ ગત હાફ મેરેથોનની જેમ જ વહેલી સવારે ૪ કલાકથી જ રેસકોર્ષ મેદાન અને મેરેથોનના વિવિધ કેટેગરીના છ રૂટ પર ઉમટી પડયા હતાં. ૬૩,૫૯૪ સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા માર્ગો પર વહેલી સવારે અંધારાના સમયમાં પણ જાણ્યે કે નવો સૂર્ય ઉગ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસના સેંકડો અધિકારીઓ અને કર્મચારીઓ, સ્પોન્સરો, પાર્ટનરો, અન્ય સહયોગી સંસ્થાઓ, શાળાઓ - કોલેજો વિવિધ મંડળોના હોદ્દેદારો અને સભ્યો તેમજ અસંખ્ય સ્વયંસેવકો રાજકોટ ફૂલ મેરેથોનને અદ્ભૂત સફળતા અપાવવા અથાક જહેમત ઉઠાવી હતી.

આ મહાઆયોજનમાં તમામ ખાનગી સંસ્થાઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, શાળાઓ-કોલેજો, રાજકોટવાસીઓ, તમામ એથ્લેટો, વિવિધ હોસ્પિટલો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્પોન્સર્સ, પાર્ટનર્સ, વિવિધ ક્ષેત્રો અનય વ્યક્તિગતરૂપે પણ મળી રહેલા સહયોગ બદલ રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસ તમામ સદસ્ય મહાનુભાવો પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરે છે. લોકોમાં પીવાના પાણીના કરકસરયુકત ઉપયોગ, સ્વચ્છતા અને ટ્રાફિકની સમસ્યા પ્રત્યે અવેરનેસ (જનજાગૃતિ) આવે તે માટે અને રાજકોટવાસીઓમાં એકતા અને તંદુરસ્તી તથા નવી ઉર્જાનો સંચય થાય તેવા શુભ હેતુથી યોજાનારી આંતરરાષ્ટ્રીય કક્ષાની ફૂલ મેરેથોન રાજકોટવાસીઓને પોતાના શહેર પ્રત્યે ગૌરવ અને ગર્વ લેવાનું મન થાય એવી અદ્ભૂત સફળતા પ્રાપ્ત કરી હતી.

મેરેથોનમાં ભાગ લેનારા સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા રાજકુમાર કોલેજ, એસ.આર.પી. ઘંટેશ્વર, સેન્ટ પોલ સ્કૂલ અને નિર્મલા કોન્વેન્ટ સ્કૂલના મ્યુઝીકલ બેન્ડ દ્વારા સંગીતની રમઝટ બોલાવવામાં આવી હતી. આ બેન્ડની વિવિધ ટીમો રેસકોર્ષના મુખ્ય સ્ટેજ પાસે તેમજ ફીનીશીંગ પોઇન્ટ, માધવરાવ સિંધિયા ક્રિકેટ મેદાન અને એથ્લેટિક ગ્રાઉન્ડ ખાતે સૂરતાલ સાથે માહોલને ઉમંગભર્યો બનાવી દીધો હતો. આઉપરાંત એસ.આર.પી. ઘંટેશ્વર અને 'રૂડા-૨' દ્વારા મેરેથોન રૂટ પર ચીયરીંગ પોઇન્ટ ખાતે ગીત સંગીતની ધમાલ મચાવવામાં આવી હતી. તો મેરેથોનની અન્ય વિવિધ દોડના રૂટ પર શાળા-કોલેજો અને અન્ય સંસ્થાઓની ટીમો દ્વારા ચીયરીંગ પોઇન્ટ પર ગીત સંગીતના માધ્યમથી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. ૪૨ કિ.મી.ના ફૂલ મેરેથોન રૂટને કલરથી અલગ તારવવામાં આવેલ.

## આર.એમ.સી.ના આસી. મેનેજર રાજીવ ગામેતીએ કપરા સંજોગોમાં ૪૨ કિ.મી.ની ફૂલ મેરેથોન પૂર્ણ કરી :

**રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેકસ શાખાના આસી. મેનેજર શ્રી રાજીવ ગામેતીએ અતિ કપરા સંજોગોમાં પણ ૪૨ કિ.મી.ની ફૂલ મેરેથોન પૂર્ણ કરી સૌની દાદ મેળવી હતી. છેલ્લા ૪૮ કલાકથી તેઓ મહાપાલિકા ના કાર્યક્રમના આયોજન અને ઓફિસ ની અન્ય કામગીરીની અતિ વ્યસ્તતા વચ્ચે પણ તેમણે ફુલ મેરેથોન દોડવાની હિંમત દાખવી હતી. એમાંય છેલ્લા ૪૮ કલાક દરમ્યાન તેમણે એક વખત તો ભોજન પણ નહોતું કર્યું. શ્રી રાજીવ ગામેતીએ ગત સાલ હાફ મેરેથોન પણ સફળતાપૂર્વક પુરી કરી હતી.**



# રાજકોટ મહાનગરપાલિકા તથા વન વિભાગ દ્વારા ગાર્ડન એક્ઝિબિશન ફ્લાવર શો

## માન. મુખ્યમંત્રીશ્રીના ધર્મપત્ની રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રી અંજલીબેન રૂપાણીના વરદ્ હસ્તે ઉદ્ઘાટન



રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ વન વિભાગના સંયુક્ત ઉપક્રમે 'ગાર્ડન એક્ઝિબિશન - ફ્લાવર શો'નું ઉદ્ઘાટન રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રી અંજલીબેન રૂપાણીના વરદ્ હસ્તે સાંજના ૫:૩૦ કલાકે શ્રી લોકમાન્ય તિલક સ્નાનાગાર બાજુમાં રેસકોર્ષ, રાજકોટ ખાતે કરાયું હતું. 'ગાર્ડન એક્ઝિબિશન - ફ્લાવર શો' તા.૧૭-૨-૧૭ થી તા.૨૧-૨-૨૦૧૭ એમ કુલ ૫ દિવસ સુધી યોજાયેલ હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં પૂર્વ કૃષિ મંત્રીશ્રી મોહનભાઈ કુંડારીયા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ અને પ્રોદ્યોગિકી વિભાગના પૂર્વ મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરિયા, પૂર્વ ચેરમેન સ્ટે. કમિટી ચેરમેનશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, જીલ્લા વન અધિકારી એમ.એમ. મુનિ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઈ રૈયાણી, દંડક શ્રી રાજુભાઈ અઘેરા, નવરંગ નેચર કલબ પ્રમુખશ્રી વી. ડી. બાલા, માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ શ્રી વિજયભાઈ ડોબરીયા, બાગ-બગીચા અને ઝૂ કમિટી ચેરમેન શ્રી દેવુંન જાદવ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, પૂર્વ મેયરશ્રી સંધ્યાબેન વ્યાસ, પૂર્વ ડે. મેયરશ્રી દિપાબેન ચિકાણી, કોર્પોરેટરશ્રીઓ શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, શ્રી અજયભાઈ પરમાર , શ્રી દુર્ગાબા જાડેજા, શ્રી દલસુખભાઈ જાગાણી, શ્રી અશ્વિનભાઈ મોલીયા, શ્રી મનીષભાઈ રાડીયા, શ્રી રૂપાબેન શીલુ, વિજયાબેન વાછાણી, મીનાબેન પારેખ, શ્રી જાગૃતિબેન ધાડીયા, શ્રી સોફીયાબેન દલ, શ્રી બીનાબેન આચાર્ય, શ્રી અંજનાબેન મોરજરીયા, શ્રી શિલ્પાબેન જાવિયા, શ્રી જયાબેન ડાંગર, શ્રી જયમીનભાઈ ઠાકર, શ્રી પ્રીતિબેન પનારા, પૂર્વ કોર્પોરેટરશ્રી ચારૂબેન ચૌધરી, શ્રી ભાવનાબેન વ્યાસ, વોર્ડ નં.૨ના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ, મહામંત્રીશ્રી ધૈર્ય પારેખ, શ્રી દિલીપ પટેલ, શ્રી સુરેન્દ્રસિંહ વાળા, રા.મ્યુ.કો. અધિકારીશ્રીઓ ડે. કમિશનરશ્રી નંદાણી, સિટી એન્જી. સી. એમ. પંડયા, શ્રી અલ્પાબેન મિત્રા, ગાર્ડન ડાયરેક્ટર શ્રી કે. ડી. હાપલીયા, ટી.પી.ઓ. સાગઠીયા, આસી. કમિશનર શ્રી હર્ષદ પટેલ તેમજ આ ફ્લાવર શોમાં રાજ્ય-શહેરમાંથી જુદી-જુદી નર્સરીઓના સંચાલકો તેમજ પર્યાવરણ પ્રેમીઓ વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી માન. શ્રી અંજલીબેન રૂપાણીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજકોટ શહેર નાટ્ય, ગીત સંગીત, કલા અને સંસ્કૃતિના સમન્વયથી સંસ્કારી નગરી તરીકે ઉપસી આવેલ છે. જેમાં નવા નજરાણા સમાન ફ્લાવર શોના ઉત્કૃષ્ટ અને બેનમુન આયોજન બદલ રાજકોટ મહાનગરપાલિકા અને વન વિભાગને અભિનંદન પાઠવું છું. ગુજરાત રાજ્યમાં અમદાવાદ શહેરમાં આ અગાઉ તેમણે આ પ્રકારના ફ્લાવર શો નિહાળેલ અને તે મુજબ ફ્લાવર શોનું આયોજન કરવા તેમણે રાજકોટ મહાનગરપાલિકાને સુચન કરેલ. જે રાજકોટ મહાનગરપાલિકાએ સાર્થક કરી બતાવેલ છે. ફૂલ છોડની ખુબસુરતી ધરાવતા અને ફૂલ છોડની ગેરહાજરી ધરાવતા ઘરનો તફાવત દેખીતો છે. પર્યાવરણ જાળવણી ક્ષેત્રે ઉમદા કામગીરી બદલ તેમણે નવરંગ નેચર કલબની સરાહના કરેલ. તેમજે ઘર દીઠ એક વૃક્ષ ઉછેરવાનું તેમજ ઘરમાં પુષ્પ-છોડ ઉગાડવા ઉપસ્થિત સૌને અપીલ કરી હતી.

આ પ્રસંગે મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાયે જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકા રેતી સિમેન્ટના બાંધકામ જેવા માત્ર ભૌતિક વિકાસ કરવાને બદલે ૫૦૦૦ જેટલા આવાસો, સંખ્યાબંધ આંગણવાડીઓ, રસ્તા પહોળા કરી, ટ્રાફિક પ્રશ્ન હલ કરવો જેવા લોકપયોગી કાર્યોની સાથોસાથ હાફ મેરેથોન, ફૂલ મેરેથોન, સાઈકલોફન,







સ્પોર્ટસ ફિએસ્ટા તેમજ આ ફલાવર શો જેવા અદભુત કાર્યક્રમો પ્રથમ પ્રયાસો ખુબજ સારી રીતે ઉજવ્યા છે. આગામી વર્ષોમાં આનાથી પણ વધુ સારો ફલાવર શો યોજવાની રાજકોટ મહાનગરપાલિક ની નેમ છે. આપના દેશમાં પ્રાચીન કાળથી તુલસી, બીલીપત્ર, લીમડો, પીપળો સહિતના વૃક્ષોનું પર્યાવરણીય તેમજ આરોગ્યની દ્રષ્ટિએ ખુબ જ મહત્વ છે. રાજકોટ મહાનગરપાલિકાને શહેરના જુદા જુદા વિસ્તારોને આવરી લેતા બાગ બગીચાનું નિર્માણ કરેલ છે. ૨૦૨૦ સુધીમાં ૨૫% સુધી કાર્બન ઉત્સર્જન પર્યાવરણ કોન્ફરન્સમાં ઘટાડવાની ખાતરી આપેલ છે. કલાયમેટ ચેન્જ કમિટીમાં ભારત ભરમાંથી ફકત રાજકોટની જ પસંદગી થઇ છે.

બાદમાં તેમણે માય ડ્રીમ સિટી-સ્માર્ટ સિટી વિઝન લોન્ચિંગના દસ લક્ષ્યાંકો જાહેર કર્યા હતા. તેમજ સ્માર્ટ સિટી બેસ્ટ વિઝન તથા ઇનોવેટીવ આઇડીયા કોમ્પીટીશનના વિજેતા શ્રી હસ્તી વાઢેરને શ્રી અંજલીબેન રૂપાણીના વરદ હસ્તે ૨૫૦૦૦નો પુરસ્કાર અપાયો હતો. જયારે મારા સ્વપ્નનું શહેર નિબંધ સ્પર્ધામાં વિજેતા થયેલ શ્રી વૃદન ગોદાસરાને રૂા. ૧૫૦૦૦, બીજા ક્રમે શ્રી રિદ્ધિ પાંભરને, રૂા.૧૨૦૦૦, તથા ત્રીજા ક્રમે વિજેતા થયેલ શ્રી નટવર આહલપરાને રૂા.૧૦૦૦૦નું ઇનામ મહાનુભાવોના વરદ હસ્તે આપવામાં આવેલ.

'સ્માર્ટ સિટી લેબ સ્પર્ધા'માં પ્રથમ ક્રમે શ્રી આત્મીય ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, રાજકોટના છાત્રો શ્રી અતુલ શર્મા અને શ્રી નિમિષા સિંઘ (ટીમ નં.૨૩) વિજેતા થયેલ છે. આ ટીમ દ્વારા ઇનોવેટીવ આઇ.ટી. સોલ્યુશન (ઓટોમેટિક વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ) વિષય પર પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું. જયારે સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર પર પ્રેઝન્ટેશન રજુ કરનાર શ્રી ઇન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેકટ, રાજકોટના શ્રી જશ ભાલોડીયા (ટીમ નં.૨) દ્વિતિય ક્રમે અને ગ્રીન બિલ્ડીંગ (ગ્રીનીંગ બાઇ ઇંગ્લીશ નેવી) વિષય પરના ગર્વનમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ, રાજકોટના શ્રી જાગ્રવ પંડયા, શ્રી દિવ્ય મિત્રામિશ્રા અને શ્રી સપારા રવિની ટીમ નં.૮ તૃતીય ક્રમે વિજેતા ઘોષિત થયેલ છે. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થયેલા ટીમોને અનુક્રમે રૂા.૫૦૦૦૦ અને રૂા. ૨૫૦૦૦નો રોકડ પુરસ્કાર તથા સ્માર્ટ સિટી મોડેલ બેઝડ ચીયરીંગ સ્ટેશન સ્પર્ધામાં ઇન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ એન્ડ પાર્કિંગ વિષયક થીમ આધારિત ચિયરીંગ સ્ટેશન બનાવવા બદલ શ્રી ધુલીશીયા સ્કૂલ પ્રથમ ક્રમે, તથા સેવ એનર્જી વિષયની થીમ આધારિત ચીયરીંગ સ્ટેશન બદલ શ્રી જય ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વિતીય ક્રમે વિજેતા ઘોષિત થાય છે. તૃતીય ક્રમે બે સંસ્થાઓને સંયુકત રીતે વિજેતા જાહેર કરેલ છે. જેમાં સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર વિષય પરના ચીયરીંગ સ્ટેશન માટે 'શ્રી પ્રયાસ પેરેન્ટ્સ એસોશિએશન ફોર ચિલ્ડ્રન વિજય સ્પેશિયલ નીડ્સ' સંસ્થા તથા વોટર સેવિંગ કન્ઝર્વેશન વિષય પરના ચીયરીંગ સ્ટેશન માટે શ્રી કણસાગરા કોલેજને સંયુકત રીતે તૃતીય ક્રમે વિજેતા જાહેર કરવામાં આવેલ છે. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થયેલ આ સ્પર્ધક સંસ્થાને અનુક્રમે રૂા.૧૦૦૦૦૦, રૂા.૭૫૦૦૦ અને રૂા.૫૦૦૦૦નો રોકડ પુરસ્કાર ડાયસ પરના મહાનુભાવોના વરદ હસ્તે આપવામાં આવેલ.

સૌરાષ્ટ્રની વન્ય અને દરિયાની જીવસૃષ્ટિના જીવંત પ્રદર્શન ફલાવર-શોમાં જોવા મળશે તેમજ જુદી જુદી જાતના ફુલોના સ્કલ્પચર અને ફુલછોડ, વગેરે તો હશે જ પણ સાથોસાથ ગીર ડાયોરામા-કાળીયાર હરણ અને દરિયાઇ જીવસૃષ્ટિના જીવંત પ્રદર્શનના આકર્ષણો રાખવામાં આવશે જેથી નગરજનો બાળક સૌરાષ્ટ્રની વન્ય અને દરિયાઇ જીવસૃષ્ટિનો જ્ઞાન સાથે આનંદ મેળવી શકે. ૧૮૦×૩૦ ફુટના વિશાળકાય ડોમમાં ગીર ડાયોરામાં હશે. જેમાં જંગલી ઝાડ, સિંહ અને તેના બચ્ચા વગેરેની જીવંત પ્રતિકૃતિઓ પ્રદર્શિત થશે જેથી મુલાકાતીઓને સાક્ષાત ગીરમાં હોવાની અનુભૂતી થશે. તેવી જ રીતે દરિયાઇ જીવસૃષ્ટિનું જીવંત પ્રદર્શન રખાશે. જેમાં મુલાકાતીઓને સૌરાષ્ટ્રનાં દરિયામાં ઉત્પન્ન થતી માછલીઓ તથા અન્ય દરિયાઇ પ્રજાતીઓને વચ્ચે હોવાની અનુભૂતી થશે. આ સાથે જ પ્રદ્યુમન પાર્કનું મોડેલ પણ ફલાવર-શોમાં રખાશે. જેથી તેમાં પણ કાળીયાર હરણ સહિતની વન્ય પ્રજાતિઓ, પક્ષીઓ જે ઝૂમાં છે તેનું પ્રદર્શન થશે.

ગાર્ડન એકઝીબીશન-ફલાવર શોમાં મુલાકાતીઓને વિવિધ ૪૦થી વધુ પ્રકારના ફુલો, ઘર અને પર્યાવરણની શોભામાં વૃદ્ધિ કરતા અવનવા છોડ, ફુલ છોડની મદદથી બનાવવામાં આવેલ વિવિધ પ્રકારની પ્રતિકૃતિઓ, પુષ્પ આર્ટ, વન્ય સૃષ્ટિની લાક્ષણિકતાઓ અને સમગ્રલક્ષી માહિતી ખુબ જ આકર્ષિત કરશે. દરમ્યાન વન વિભાગ દ્વારા ગ્લોબલ વોર્મિંગની અસરો, કોન્ક્રીટના જંગલમાં રહેતા માનવી અને વન પર્યાવરણ વચ્ચે વધતા જતા અંતર અને તેની અસરો વિશે ઓડિયો-વિઝ્યુઅલ પ્રદર્શની, વૃક્ષનું મહત્વ, વનના વધારા ઘટાડાને કારણે માનવજાત પર થતી હકારાત્મક અને નકારાત્મક અસરો વિશે માહિતી આપતા સ્ટોલ સહિતની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.


ફલાવર શોના મુલાકાતીઓને નર્સરી સ્ટોલ, ગાર્ડન ટૂલ્સ અને મશીનરી, ફુલ છોડ માટેના ખાતર માટની શોપ વગેરે વિશે માર્ગદર્શન પણ મળી રહેશે. તો વળી, મુલાકાતીઓ માટે ફલવર શોની વિઝીટ દરમ્યાન ઓર્ગેનિક ફુડધરાવતા ફુડ ઝોનની વિશેષ સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવેલ. ફલાવર શોને રાજકોટ ઉપરાંત મુંબઇ, પુના, અમદાવાદ અને અન્યત્રથી આવી ચુકેલા ૪૦ થી વધુ પ્રકારના વિવિધ પ્રકારના ફુલ છોડ વધુ સુંદર બનાવવામાં આવેલ. ખાસ કરીને ઘરમાં ઓછી જગ્યા હોય તેવા સંજોગોમાં ગૃહ સુશોભન માટે ખુબ જ ઉપયોગી થઇ શકતા બોન્સાઇના છોડ પણ વિશેષ આકર્ષણ બન્યા હતાં.


આ આયોજન સાથે ટેકનોલોજીનો પણ સુંદર સમન્વય કરવામાં આવેલ. આ સમગ્ર ફલાવર શોમાં રેસકોર્ષ બહુમાળી ભવનથી મહિલા ગાર્ડન સુધીમાં ઇન્ટરેકટીવ પેનલ એટલે કોમ્પ્યુટરાઇઝડ સ્ક્રીન મારફત જુદા જુદા જંગલો, ઔષધી વન વગેરેની જીવંત માહિતી મેળવવી, આ પેનલમાં મુલાકાતી પોતે જાતે જંગલમાં હોય તેવી અનુભૂતિ થશે. રેસકોર્ષમાં બહુમાળી ભવન સામેના દરવાજાથી શરૂ થઇને આર્ટ ગેલેરીના મેદાન સુધી અને સ્વીમીંગ પૂલથી લઇ નવા સ્ટેપ ગાર્ડન થઇને ઇન્ડોર સ્ટેડીયમ સુધીના કુલ ૧૦ હજાર ચો.મી. ક્ષેત્રફળમાં પાથરવામાં આવેલ. જેમાં જયારે સ્વીમીંગ પૂલથી સ્ટેપ ગાર્ડન તરફ મુખ્ય ફલાવર શો એટલે કે ૫૦ થી વધુ ફલાવર સ્કલ્પચર તથા દેશ-વિદેશનાં રંગબેરંગી ફુલો, ફુલછોડ, વૃક્ષો વગેરેનું પ્રદર્શન-વેચાણ વગેરે પ્રવૃત્તિઓ થશે. જયારે આર્ટ ગેલેરી પાસે સ્માર્ટ સિટી-ગ્રીનસિટી માટે ખાસ પ્રદર્શન અને વિચાર ગોષ્ઠીનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમના પ્રારંભમાં મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ સ્વાગત પ્રવચન કરેલ હતું જયારે સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલે આભારવિધિ કરેલ હતી. કાર્યક્રમ બાદ સૌ મહાનુભાવો તથા ઉપસ્થિત લોકોએ ગાર્ડન એકઝીબીશન અને ફલાવર શો નિહાળેલ હતું.













## "ફલાવર શો"ની સાથે સાથે

(૧) ફુડ પ્રિપેરેશન તેમજ કિચન ફેનિંગ - કિચન ગાર્ડનિંગનું આયોજન કરાયેલ.

(૨) રાજકોટ, ગુજરાત તેમજ દેશભરના અન્ય રાજયોમાંથી ફર્ટિલાઇઝર, પેસ્ટીસાઇડ બનાવતી કંપનીઓ તેમજ વિક્રેતાઓ, ડ્રીપ ઇરિગેશન, ગાર્ડન-એગ્રી. ટુલ્સ કંપનીઓ, નર્સરીમેન, ઓર્ગેનિક ફુડ, વન્ય પેદાશોનાં પ્રદર્શન, નિદર્શન તેમજ વેચાણનું આયોજન કરાયેલ.


(૩) શહેરીજનો વધુને વધુ પ્રમાણમાં ઉત્સાહપૂર્વક જોડાય સાથોસાથ લોકોમાં પર્યાવરણ જાગૃતિ પ્રત્યે અભિરૂચિ કેળવાય તે હેતુથી શહેરમાંના ઘર આંગણાના બગીચાઓ તેમજ વ્યાપારિક સંકુલના બગીચાઓ વચ્ચે સ્પર્ધા પણ રાખવામાં આવેલ.

(૪) ગૃહિણીઓ, હોમ સાયન્સના વિદ્યાર્થીઓ તેમજ પર્યાવરણ પ્રેમીઓ વિગેરેની બહોળી જાણકારી માટે શાકભાજી તેમજ જુદા-જુદા ફળો, વન્ય પેદાશોની ઉપયોગિતા અંગે તજજ્ઞો દ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ.

(૫) પ્રકૃતિના જુદા-જુદા સ્વરૂપનું ચિત્રીકરણ કરવાના ભાગરૂપે શાળા-કોલેજના તેમજ ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરાયેલ.

(૬) શહેરમાં પર્યાવરણ જાળવણી બાબતે તંદુરસ્ત હરિફાઇ રહે સાથોસાથ આપણું શહેર લોક-ભાગીદારીથી ખરા અર્થમાં હરિયાળું રહે તેવા પ્રયાસના ભાગરૂપે શહેરના નાગરિકો પોતપોતાના ઘર આંગણાના તેમજ તેમના વ્યવસાયના સ્થળે આવેલ બગીચાઓ/વિવિધ પ્રકારના ફુલછોડ, વન્ય ઔષધિઓ તેમજ અન્ય ડેકોરેટિવ પ્લાન્ટસના કુંડા આ સ્પર્ધામાં લાવ્યા હતાં.


(૭) આ ફલાવર શો દરમ્યાન ૧૦ જેટલા ફુડ સ્ટોલ પણ રાખવામાં આવેલ.



















# "મુખ્યમંત્રી ગૃહ યોજના" હેઠળ ૧૦૦૮ આવાસોનું માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે

# લોકાર્પણ





રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા. ૪-૨-૨૦૧૭ પોપટપરા ખાતે મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ નિર્માણ પામેલ ૧૦૦૮ આવાસોનું લોકાર્પણ તથા બની રહેલ ૧૭૩૬ આવાસોનો નંબર ફાળવણી ડ્રો, ૧૫૦ ફુટ રીંગ રોડ અમિન માર્ગના છેડે ૫૩,૫૦૦ લાઇટોનો એલ.ઇ.ડી. લાઇટોમાં પરિવર્તિત કરવાનો શુભારંભ કરાયો સેન્ટ્રલ ઝોનમાં વિજેતા વોર્ડને ચેક વિતરણ, વોર્ડ નં. ૧૦માં નિર્માણ પામેલ આર.સી.સી. કન્વર્ટ (બ્રીજ)નું લોકાર્પણ તેમજ રેસકોર્ષ ખાતે બનાવવામાં આવેલ રસ્તાના બ્યુટીફિકેશન કામનું લોકાર્પણ રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ હસ્તે કરાયું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતા. આ અવસરે પૂર્વ કૃષિ મંત્રીશ્રી મોહનભાઇ કુંડારીયા, પૂર્વ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરિયા, સ્ટે. કમિટી પૂર્વ ચેરમેન શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, પૂર્વ રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી ભીખાભાઇ વસોયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, શાસકપક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડીયા, હાઉસીંગ બોર્ડ ચેરમેનશ્રી કિરણબેન સોરઠીયા, લાઇટીંગ સમિતિ ચેરમેનશ્રી અજયભાઇ પરમાર, સેનીટેશન સમિતિ ચેરમેન આશિષભાઇ વાગડિયા, પૂર્વ મેયરશ્રી ઉદયભાઇ કાનગડ, કોર્પોરેટરશ્રી મનિષભાઇ રાડીયા, જયમીનભાઇ ઠાકર, દલસુખભાઇ જાગાણી, વર્ષાબેન રાણપરા, બાબુભાઇ આહિર, અનીતાબેન ગોસ્વામી, પ્રીતિબેન પનારા, શિલ્પાબેન જાવિયા, વિજયાબેન વાછાણી, જયાબેન ડાંગર, મીનાબેન પારેખ, અશ્વિનભાઇ મોલીયા, માજી. સાંસદ હરિભાઇ પટેલ, વોર્ડ નં.૩ ભાજપ પ્રભારીશ્રી દિનેશભાઇ કારીયા, પ્રમુખશ્રી હેમુભાઇ પરમાર, મહામંત્રી શ્રી જગદિશભાઇ ભોજાણી, રાજુભાઇ દરિયાનાણી, ઉપરાંત લાભાર્થીઓ, નગરજનો વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવેલ કે, આજના આ પંચામૃત કાર્યક્રમ માટે રાજકોટ મહાનગરપાલિકાને ખુબ ખુબ અભિનંદન. આજના સમયમાં જમીન મોંઘી થતી જતી હોઇ, બાંધકામના ભાવ આસમાને જતા હોઇ, ત્યારે ગરીબ અને સામાન્ય માણસ મકાનનું સ્વપ્ન જોતો હોઇ, બાંધકામના રાજકોટ મહાનગર--પાલિકાને ખુબ ખુબ અભિનંદન. આજના સમયમાં જમીન મોંઘી થતી





**નવા બની રહેલ ૧૭૩૬ આવાસોનો નંબર ફાળવણી ડ્રો**

**૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે ૫૩,૫૦૦ લાઇટોનો એલ.ઇ.ડી. લાઇટોમાં પરિવર્તિત કરવાનો શુભારંભ**



હોઇ, બાંધકામના ભાવ આસમાને જતા હોઇ, ત્યારે ગરીબ અને સામાન્ય માણસ મકાનનું સ્વપ્ન જોતો હોઇ, જે સાકાર થવાના કોઇ અંધાણ ન હોઇ ત્યારે આવા લોકોના સ્વપ્ન સાકાર કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૭૦૦૦ મકાનો બનાવી ગરીબોને મકાન માલિક બનાવ્યા છે. આજના દિવસે જે મકાનો લોકાર્પણ થયા છે તે લોકોને મળ્યો ત્યારે અગાઉ ભાડાના ઘર ને બદલે ઘરના ઘરમાં રહેવાનો આનંદ લોકોના ચહેરા પાર જોવા મળતો હતો રાજકોટ મહાનગરપાલિકા ફકત રસ્તા, ગટર, પાણી કે સફાઇની જ નહિ પરંતુ લોકોના ઘર માટે પણ ચિંતિત છે અને તે પણ તમામ પ્રકારની પ્રાથમિક સુવિધાથી ભરપૂર આવાસો બનાવે છે લોકોના રોટી, કપડા અને મકાનની ચિંતા ભાજપની સરકાર કરતી રહી છે. ભય, ભુખ અને ભષ્ટાચાર દુર કરવા આ સરકાર કટીબદ્ધ છે. લોકોનો રોટલો અને ઓટલો આપવો તે પ્રાથમિકતા છે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર લોકો માટે આવાસો બનાવવા વચનબદ્ધ છે અને તેથી જ રીઅલ એસ્ટેટને ઇન્ફાસ્ટ્રકચરનો દરજ્જો આપી તેને સહાય કરશે. લોકોને સસ્તા મકાનો આપવા માટે કેન્દ્ર સરકારે નવા બજેટમાં પુરતી જોગવાઇ કરી છે અને આગામી દિવસોમાં રાજય સરકાર દ્વારા રજૂ થનાર બજેટમાં પણ આ માટે પુરતી જોગવાઇ કરવામાં આવશે. મે છાપામાં વાંચ્યું કે, આવાસોના લોકાર્પણ માટે નાયડુ આવી ગયા, નીતિનભાઇ આવી ગયા અને હવે રૂપાણી આવે છે વાત સો ટકા સાચી છે કારણ આ માટે દરેક વખે આ અલગ અલગ આવાસો લોકાર્પણ થયા છે નાયડુ એ ૧૭૩૮, નીતિનભાઇએ ૧૬૬૦ અને મે ૧૦૦૮ આવાસોનું લોકાર્પણ કર્યું છે આ તમામ આવાસો છેલ્લા દોઢ વર્ષમાં બન્યા છે. આ મકાનો અગાઉની સરકારમાં બનતા હાઉસિંગ બોર્ડના મકાનો જેવા નહિ પરંતુ, ખાનગી બિલ્ડરો દ્વારા બનાવેલા મકાનો જેવન છે. આજથી બે માસ પહેલા કહેલ કે, યુ.એલ.સી. ના કાયદા સમયે જે જમીનો સરકારને મળેલ તેમાં જે તે વખતે મકાનો થયેલ હોઇ, તેવી ૩૮ લાખ ચો.મી. જમીન પરના ૯૦ હજાર મકાનો કાયદેસર કરવાની હિંમત ગુજરાત સરકારે કરી છે ત્યાં રહેતા લોકોને પાકા દસ્તાવેજો કરી આપ્યા છે. આમ, દરેકને પોતાનું મકાન એ અમારૂ લક્ષ્ય છે. આદિવાસી વિસ્તારોમાં પણ ખેડે તેની જમીનનું અભિયાન શરૂ કર્યુ છે. જયા સુધી ગરીબો ઉપર ન આવે ત્યાં સુધી દેશ સમૃદ્ધ નહિ બને અને તેથી જ ગરીબોને સમૃદ્ધ બનાવવા ભારત સરકારે ઘણા પગલા લીધા છે. સરદાર અને ગાંધીના ગુજરાતમાં દારૂબંધી વધુ કડક બનાવી છે. અને તેનાથી કેટલાક કુટુંબો વેરણ છેરણ થતા અટકયા છે. પ્રાઇવેટ સેકટર અને ઇન્ડસ્ટ્રીયલ સેકટરમાં દશ લાખ લોકોને રોજગારી પ્રાપ્ત થાય તે માટે સરકાર પગલા ભરી રહી છે.

ક્રિકેટ ગ્રાઉન્ડ જેવો ખાલી ખમ આજી ઓગષ્ટ-૨૦૧૭ સુધીમાં પાણીથી ભરાઇ જશે ૪૫૦ કરોડની સૌની યોજનાનું કામ સત્વરે પુરૂ થાય તે રીતે કામગીરી ચાલુ છે. આ કામ પૂર્ણ થતા સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમોમાં નર્મદાના પાણીથી ભરપુર થઇ જશે.

રાજકોટ એરપોર્ટ હાલ ઘણું નાનું પડે છે તેના બદલે અન્ય સ્થળે મોટા રનવેવાળું બનાવવા કાર્યવાહી ગતિમાં છે તેની સીધી અસર રાજકોટના વેપાર ઉદ્યોગને થશે. બે દિવસ પહેલા જ કેન્દ્રીય બજેટમાં ગુજરાતને એઇમ્સ આપવાની જાહેરાત થઇ છે તેનો સીધો લાભ રાજયની પ્રજાને મળશે. નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલ વિકાસ યાત્રા અવિરત ચાલુ જ રાખશું લોકોની આરોગ્યની સુખાકારી માટે ઠેર ઠેર જનઔષધી ભંડારો ખોલવામાં આવી રહયા છે. હાલ, પર ચાલુ છે અને નજીકના ભવિષ્યમાં ૫૫૦ જનઔષધી ભંડારો ચાલુ થઇ જશે. અંતમાં તેઓએ જણાવેલ કે, આજની આ આવાસ લોકાર્પણમાં



લોકાર્પણ કરેલ ટાઉનશીપને મહર્ષિ અરવિંદ ટાઉનશીપ, મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશીપ તથા શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશીપ નામકરણની જાહેરાત કરતાં રાજકોટનાં માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય



રેસકોર્ષ ખાતે બનાવવામાં આવેલ રસ્તા બ્યુટીફિકેશન પ્રોજેકટનું લોકાર્પણ



જે લાભાર્થીને આવાસ મળેલ છે તે નવા આવાસમાં ખુબ સુખી રહે તેવી શુભેચ્છા.

આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલે જણાવેલ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ હંમેશા કહેતા આવ્યા છે કે, સ્વપ્ન હંમેશા ઉંચુ જોવો અને તે દિવસનું જોવો. કેન્દ્રીય બજેટમાં ૧ કરોડ લોકોને છત  આપવાાનો નિર્ધાર કરેલ છે. આજે ૧૦૦૮ આવાસ લોકાર્પણ થશે અને ૧૭૩૬નો ડ્રો થશે આમ, લોકોના દિવસના સ્વપ્નો રાજકોટ મહાનગરપાલિકા ના  શાસકો જુવે છે અને સાકાર કરે છે.

આ તકે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ પંચામૃત કાર્યક્રમમાં નિર્ણાયક સરકારના નિર્ણાયક મુખ્યમંત્રી ઉપસ્થિત રહયા છે તે ખુબ આનંદની વાત છે. આજે જે લોકોને મકાનની ચાવી અર્પણ થનાર છે તે તમામને ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં આવાસ મળી જશે. ૩૫ વર્ષના શાસનમાં ભા.જ.પ.ની સરકારે ૧૭૦૦૦ મકાનો બનાવ્યા છે તેમ છેલ્લા ૧ વર્ષમાં ૫૪૪૮ મકાનો બનાવ્યા છે અને હજુ ૫૫૦૦ ટુંક સમયમાં લોકાર્પણ થઇ જશે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પોતાનું ઘરનુ ઘર મળે તેવી સુંદર ટાઉનશીપ બનાવી છે. આજે લોકાર્પણ થયેલ ત્રણેય ટાઉનશીપ ને દેશની આઝાદીમાં યોગદાન આપનાર મહાનુભાવોના નામ સાથે જોડવામાં આવ્યા છે. તેમાં અનુક્રમે લોકાર્પણ કરેલ ટાઉનશીપન. મહર્ષિ અરવિંદ ટાઉનશીપ, મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશીપ તથા શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશીપ નામકરણ કરવામાં આવેલ છે. આ આવાસોમાં ગટર, રસ્તા, પાની વિગેરે તમામ સુવિધાઓ પ્રાપ્ત છે અને બાકીની સુવિધા ત્રણ માસમાં પૂર્ણ કરવામાં આવશે.

આજે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૫૩૫૦૦ લાઇટોને એલ.ઇ.ડી.માં પરિવર્તિત કરવાનો શુભારંભ થઇ રહયો છે તેનાથી ૭૦૦૦ ટન જેટલો ઓછો કાર્બન ઉત્પન થશે તેની સાથોસાથ રેસકોર્ષમાં સુંદર બ્યુટીફીકેશન કરવામાં આવેલ રસ્તાનું લોકાર્પણ કરવામાં આવી રહયું છે. જે લોકોના સાથ સહકારથી શકય બન્યુ છે.

એલ.આઇ.જી. પ્રકારના આવાસમાં લીવીંગ રૂમ, ડાયનીંગ સ્પેસ, રસોડું, વોશ એરીયા, બે બેડરૂમ તથા એક એટેચ અને એક કોમન ટોયલેટ મળી ૪૫ ચો.મી. કાર્પેટ એરિયાનું બાંધકામ કરવામાં આવેલ છે. તે જ રીતે ઇ.ડબલ્યુ.એસ. પ્રકારના લીવીંગ રૂમ, ડાઇનીંગ સ્પેસ, રસોડું, વોશ એરીયા, એક બેડરૂમ તથા એક કોમન ટોયલેટ મળી ૩૦ ચો.મી. કાર્પેટ એરિયામાં બાંધકામ કરવામાં આવેલ છે. આ તમામ આવાસોમાં ફલોરીંગ તથા ગ્લેજટાઇલ્સ, લીપ, ફસ્ટડોર, કલર, નળ પાઇપ, ઇલેકિટ્રક, ગેસ પાઇપલાઇન વિગેરે તમામ સુવિધા સાથેના હશે તેમજ નાનામોટા પ્રસંગોની ઉજવણી માટે પુરતી કોમન પ્લોટની જગ્યા, બાળક્રિડાંગણ તેમજ રોજબરોજની જીવન જરૂરિયાતની ચીજ મળી રહે તે માટે દુકાનો પણ બનાવવામાં આવેલ છે.

શહેરમાં હયાત ૫૩,૫૦૦ લાઇટોનું એલ.ઇ.ડી. લાઇટમાં પરિવર્તિત થતાં રાજકોટ મહાનગરપાલિકાને વીજ બીલમાં ૫૦% જેવી બચત થશે. જેના લીધે ૪ કરોડ જેટલી બચત થવા પામશે. એજન્સી દ્વારા ૭ વર્ષ સુધી તેનું મેઇટેનન્સ કરવામાં આવશે. તેમાં રાજકોટ મહાનગરપાલિકાએ કોઇ પણ જાતનું ચુકવણું કરવાનું થશે નહી. ૭ વર્ષ દરમ્યાન વાર્ષિક આશે ૭૦૦૦ ટન જેટલો કાર્બનનું ઉત્પાદન ઘટશે. જેનાથી પર્યાવરણને ફાયદો થશે.

સ્વચ્છ ભારત મિશન હેઠળ અન્વયે ઓલ ઇન્ડિયા ઇન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટ દ્વારા રાજકોટ મહાનગર- -પાલિકાના ઝોન વાઇઝ ઇન્ટર વોર્ડ સ્વચ્છતા હરિફાઇનું આયોજન કરવામાં આવેલ. સ્વચ્છતા હરિફાઇ અનુસંધાને સેન્ટ્રલ ઝોનના પ્રથમ વિજેતા વોર્ડ નં. ૧૭ને રૂા. ૧ કરોડ, દ્વિતીય વિજેતા વોર્ડ નં. ૩ ને રૂા.૫૦ લાખ તથા તૃતિય વિજેતા વોર્ડ નં. ૧૪ને રૂા.૨૦ લાખ વિકાસ કામ માટે માન. મુખ્યમંત્રી શ્રીના વરદ્ હસ્તે ચેક અર્પણ કરવામાં આવેલ હતો.

રેસકોર્ષ સંકુલ ખાતે સ્નાનાગારથી ફુટબોલ મેદા સુધીનો રસ્તો રૂા.૯૦.૨૨ લાખના ખર્ચે બ્યુટીફિકેશન કરવામાં આવેલ છે તેનું લોકાર્પણ કરવામાં આવનાર છે. રસ્તા બ્યુટીફિકેશન માં લેન્ડ સ્કેપીંગ, ગાર્ડનીંગ, સીટીંગ સ્ટેપ, વોટરફલો, પેવિંગ રોડ, ડેકોરેટીવ લેમ્પપોસ્ટ તથા આધુનિક એલ.ઇ.ડી. લાઇટથી રસ્તાને સજાવવામાં આવશે. આ રસ્તા બ્યુટીફિકેશન મરામત બે વર્ષ સુધી એજન્સી દ્વારા કરવામાં આવશે.

આ ઉપરાંત વોર્ડ નં. ૧૦માં ગુરૂજીનગર આવાસ યોજનાને લાગુ વોંકળા પર નિર્માણ પામેલ આર.સી.સી. કન્વર્ટ (બ્રીજ)નું લોકાર્પણ કરાયું.

આ અવસરે રાજકોટ મેરેથોન ૨૦૧૭ના આયોજનમાં જે જે સંસ્થાઓ દ્વારા સહયોગ મળેલ છે. તે સંસ્થાઓ રોલેક્ષ રોલ રિંગ્સ, ફીલ્ડ માર્શલ, પુજારા ટેલીકોમ, આઇ.સી.આઇ.- -સી.આઇ. બેન્ક, જીનીયસ સ્કૂલ, બાન લેબ્સ, શેઠ બિલ્ડર્સ તથા જે.પી.ઇન્ફ્રાસ્ટ્રકચરના પ્રતિનિધિઓનું માન. મુખ્યમંત્રી શ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે સ્મૃતિચિહન અર્પણ કરી, સન્માન કરવામાં આવેલ. જયારે આ આવાસ યોજનાના કોન્ટ્રાકટર માલણી કન્સ્ટ્રકશન દ્વારા મુખ્યમંત્રીનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. તેમજ આવાસ યોજનાના લાભાર્થીઓમાં પ્રતિકરૂપે પારૂલબેન મકવાણા, હરેશભાઇ ગોહેલ તથા ગમનલાલ દવે વિગેરેને મુખ્યમંત્રીશ્રીના હસ્તે ચાવી અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે શાબ્દિક સ્વાગત મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કરેલ જયારે મુખ્યમંત્રીનું મોમેન્ટો અને ફૂલહારથી સ્વાગત મહાનગરપાલિકાના પદાધિકારી ઓ દ્વારા કરવામાં આવેલ તથા મંચસ્થ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત શ્રી આશિષભાઇ વાગડિયા, શ્રી કિરણબેન સોરઠીયા, શ્રી મુકેશભાઇ રાદડિયા તથા શ્રી અજયભાઇ પરમારે કરેલ જયારે આભાર દર્શન સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલે કરેલ.







સ્માર્ટ રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. ડિસે.-૨૦૧૬,જાન્યુ.-ફેબ્રુ.-૨૦૧૭

ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે


# ૧૫૦ ફૂટ રિંગ રોડ પર મવડી ચોકડી તથા રૈયા ચોકડી પર નિર્માણ પામનાર ફલાય ઓવર બ્રિજનું ખાતમુહૂર્ત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૮-૧૦-૨૦૧૬ના રોજ સાંજના ૪.૦૦ કલાકે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે રૂા.૨૨.૬૬ કરોડના ખર્ચે મવડી ચોકડી તથા રૂા.૨૭.૬૫ કરોડના ખર્ચે રૈયા ચોકડી પર નિર્માણ પામનાર ફલાય ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત તથા રાજકોટ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી (રૂડા) દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના રૂા. ૬.૨૪ કરોડના ખર્ચે અને રાજીવ ગાંધી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલ ઇ.ડબલ્યુ.એસ. કેટેગરીના ૨૮૦ આવાસોનું અને રૂા.૨૬ કરોડના ખર્ચે જામનગર હાઇવેથસ કાલાવડ રોડ પર નિકળતા રિંગ રોડ-૨ના ટી.પી. રોડનું લોકાર્પણ ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ હસ્તે કરાયું. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે ભારત સરકારના પૂર્વ કૃષિ મંત્રી માન. શ્રી મોહનભાઇ કુંડારીયા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના પૂર્વ મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરિયા, પૂર્વ સ્ટે. કમિટી ચેરમેનશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ શ્રી ભીખાભાઇ વસોયા, પૂર્વ મેયરશ્રી ઉદયભાઇ કાનગડ, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, રૂડા ચેરમેન તથા કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત,











## રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી(રૂડા) દ્વારા 'મુખ્યમંત્રી ગૃહ યોજના' અને 'પ્રધાનમંત્રી આવાસ યોજના' હેઠળ નિર્માણ પામે ઇ.ડબલ્યુ.એસ. કેટેગરીના ૨૮૦ આવાસોનું અને જામનગર હાઇવેથી કાલાવડ રોડ પર નીકળતા રિંગ રોડ-૨ના ટી.પી. રોડનું લોકાર્પણ

## થેલેસેમિયા પીડિતો માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બે મશીનોની તાત્કાલિક ફાળવણી લોકમેળાની આવકમાંથી કલેકટરશ્રીએ પોલીસ વિભાગ દ્વારા શહેરમાં સી.સી.ટી.વી. કેમેરા માટે રૂ.૨૦ લાખ ફાળવ્યા

## 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' હેઠળના પ્રોજેકટો

### રૈયા ચોકડી ફલાય ઓવર બ્રિજ

| | |
|---|---|
| કામનું નામ : | વોર્ડ નં.૯માં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર રૈયા રોડ જંકશન પર ચાર લેનમાં (૨+૨) ફલાય ઓવર બનાવવાનું કામ |
| કામની અંદાજીત રકમ : | રૂા.૨૭,૬૫,૪૧,૪૬૮/- |
| કામની એજન્સી : | રાકેશ કન્સ્ટ્રકશન કંપની અમદાવાદ |
| ફલાય ઓવરબ્રિજની લંબાઇ : | ૫૨૬ મીટર |
| ફલાય ઓવર સ્ટાર્ટીંગ પોઇન્ટ : | નાણાંવટી ચોક, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ. |
| ફલાય ઓવર એન્ડ પોઇન્ટ : | મોટી સ્કૂલ પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ. |
| ૪ લેન ફલાફ ઓવરબ્રિજ : | પ્રત્યેક લેનની પહોળાઇ ૮.૪૦ રનિંગ મીટર (ચાર લેન) |
| ફલાય ઓવરબ્રિજનું બાંધકામ : પૂર્ણ કરવાની સમય મર્યાદા | ૧૮(અઢાર) માસ |

### મવડી ચોકડી ફલાય ઓવર બ્રિજ

| | |
|---|---|
| કામનું નામ : | વોર્ડ નં.૧૨માં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર મવડી રોડ જંકશન પર ચાર લેનમાં (૨+૨) ફલાય ઓવર બનાવવાનું કામ |
| કામની અંદાજીત રકમ : | રૂા.૨૨,૬૬,૧૦,૦૦૦/- |
| કામની એજન્સી : | રાકેશ કન્સ્ટ્રકશન કંપની અમદાવાદ |
| ફલાય ઓવરબ્રિજની લંબાઇ : | ૪૭૫ મીટર |
| ફલાય ઓવર સ્ટાર્ટીંગ પોઇન્ટ : | ઓમનગર, બી.આર.ટી.એસ. બસ સ્ટોપ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ. |
| ફલાય ઓવર એન્ડ પોઇન્ટ : | ઉમિયા ચોક, બી.આર.ટી.-એસ. બસ સ્ટોપ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ. |
| ૪ લેન ફલાફ ઓવરબ્રિજ : | પ્રત્યેક લેનની પહોળાઇ ૮.૪૦ રનિંગ મીટર (ચાર લેન) |
| ફલાય ઓવરબ્રિજનું બાંધકામ : પૂર્ણ કરવાની સમય મર્યાદા | ૧૮(અઢાર) માસ |

રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખશ્રી સંગીતાબેન છાયા, શહેર ભાજપ મંત્રીશ્રી વિક્રમભાઇ પુજારા, ચારૂબેન ચૌધરી, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, શાસક પક્ષ દંડકશ્રી રાજુભાઇ અઘેરા, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડીયા, કોર્પોરેટરશ્રી અંજનાબેન મોરજરીયા, દુર્ગાબા જાડેજા, આશિષભાઇ વાગડિયા, દેવરાજભાઇ મકવાણા, રૂપાબેન શીલુ, શીલ્પાબેન જાવીયા, બીનાબેન આચાર્ય, જ્યોત્સનાબેન ટીલાળા, અશ્વિન--ભાઇ ભોરણીયા, વોર્ડ પ્રભારી શ્રી દિલીપભાઇ પટેલ, ગીરીશભાઇ ભીમાણી, માધવભાઇ દવે, અશ્વિનભાઇ પાંભર, પ્રદીપભાઇ ડવ, વોર્ડ પ્રમુખો સર્વશ્રી રસિકભાઇ બઢકિયા, જયસુખભાઇ કાથરોટીયા, રજનીભાઇ ગોલ, પ્રવીણભાઇ પાઘડાર, યોગરાજસિંહ જાડેજા, વોર્ડ મહામંત્રીશ્રીઓ કાનજીભાઇ ખાણધર, ભાવેશભાઇ પરમાર, કમલેશભાઇ શર્મા, આશિષભાઇ ભટ્ટ, હરેશભાઇ કાનાણી, પરેશભાઇ તન્ના, સંજયભાઇ દવે, આયદાનભાઇ બોરીચા, સુરેશભાઇ રામાણી, મૌલિકભાઇ દેલવાડીયા તથા આજુબાજુના વિસ્તારના ભાઇઓ - બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

આ અવસરે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવેલ કે, રાજ્યના ચાર મહાનગરો પૈકી રાજકોટ જાહેરમાં શૌચક્રિયા મુક્ત પ્રથમ શહેર બનેલ છે. અને તે બાબતે ભારત સરકાર દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે તે બદલ ગુજરાત સરકાર વતી સૌ પ્રથમ અભિનંદન પાઠવેલ. તેમણે જણાવેલ કે, રાજકોટ મહાનગર- -પાલિકાએ ભૂતકાળમાં સાંકડા પુલ પહોળા કરેલ અને બેઠા પુલોને હાઇ-લેવલના બ્રિજ બનાવેલ છે. હવે ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે હાલના ત્રણ ઓવરબ્રિજ ઉપરાંત વધુ બે ફલાય ઓવરબ્રિજ બનાવવા મહાનગરપાલિકાએ પ્રોજેક્ટ હાથ ધરેલ છે. ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન હતું કે, ગુજરાતમાં કોઇપણ વ્યક્તિ ઘરવિહોણી ન રહે તે સ્વપ્નને આગળ વધારવા કોર્પોરેશન, હાઉસિંગ બોર્ડ, રૂડા વિગેરે દ્વારા ગરીબ અને જરૂરીયાતમંદ લોકો માટે આવાસો બનાવી રહેલ છે. આજે રૂડા દ્વારા ઇ.ડબલ્યુ.એસ.ના કુલ ૨૮૦ આવાસોનું લોકાર્પણ કરી ગરીબ વર્ગના લોકોને દિવાળીની ભેટ આપેલ છે. રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથવિધિને સાઇઠ દિવસ પુરા થયા છે ત્યારે લોકોની આકાંક્ષાઓ/અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે અનેકવિધ નિર્ણયો કર્યા છે. આ સરકાર ગરીબો અને પીડિતોની છે. તે દિશામાં આગળ વધી રહી છે. સરકાર દ્વારા પારદર્શક / પ્રમાણિત અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન કરવાની નેમ સાથે આગળ વધી રહી છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કહેલ કે, હું ખાતો નથી અને ખાવા દેતો નથી તે દિશામાં ગુજરાત સરકાર કામ કરી રહી છે. વિશેષમાં, મુખ્યમંત્રીશ્રીએ જણાવેલ કે, ઉરીમાં આંતકવાદીઓ દ્વારા હુમલાને કારણે જવાનો શહીદ થયેલ તેનો બદલો લેવા તાજેતરમાં જ ભારતીય સેનાએ સર્જીકલ સ્ટ્રાઇક કરી આંતકવાદનો ખાત્મો બોલાવી, ગોળીનો જવાબ ગોળાથી આપી, ઇંટણી જવાબ પથ્થરથી આપી પોતાની શક્તિનું પ્રદર્શન કરેલ છે તે બદલ ભારતીય સેવનાને અભિનંદન પાઠવું છું. ગોંડલની બી.જ.પ.એ ઉરીમાં શહીદ થયેલ જવાનોના પરિવારો માટે રૂ.૫ લાખ ફાળવેલ તે બદલ હું અભિનંદન પાઠવું છું. આજે દેશમાં દેશભક્તિનો માહોલ ઉભો થયેલ છે. વિશેષમાં સૌરાષ્ટ્રના પાટનગર અને શાંતિપ્રિય શહેર તરીકેની ઓળખ ધરાવતા રાજકોટમાં ગુનાખોરીને ડામવા તેમજ ગુનેગારોને તુરંત ઝડપવા માટે શહેરના મુખ્ય માર્ગો તેમજ ટ્રાફિક સર્કલ પર પોલીસ વિભાગ દ્વારા ૯૦૦ સી.સી.ટી.વી. કેમેરા મુકવામાં આવનાર છે. જેના માટે કલેકટરશ્રી દ્વારા લોક મેળાની આવકમાંથી રૂા.૨૦ લાખ તેમજ રાજકોટ મહાનગરપાલિકાના ભાજપ કોર્પોરેટરો દ્વારા રૂા.૫૧ લાખ પોલીસ વિભાગને ફાળવવામાં આવ્યા છે. રાજકોટ મહાનગર- -પાલિકા દ્વારા આ કામે હજુ પણ વધુ રકમ ફાળવવામાં આવશે.

રાજકોટ શહેરમાં ગત ઉનાળામાં તમામ ડેમ ખાલી હોવા છતાં શહેરને નર્મદાનું પાણી દરરોજ આપવામાં આવેલ તે જ રીતે ચાલુ વર્ષે પણ સ્થાનિક જળાશયોમાં બિલકુલ પાણી આવેલ નથી તો પણ રાજકોટની જનતા નિશ્ચિંત રહે. કારણકે આ સરકાર પાણીવાળી સરકાર છે શહેરને આખું વર્ષ નર્મદાનું પૂરતું પાણી આપવામાં આવશે આ ઉપરાંત આગામી વર્ષમાં સૌની યોજના હેઠળ આજી-૧ ડેમ ભરાઇ રહે તે માટે કાર્યવાહી શરૂ કરી દીધેલ છે અને આ માટે મચ્છુ-૧ થી આજી-૧ માટે પાઇપલાઇન માટે રૂા.૫૦૦ કરોડના પ્રોજેક્ટનું ટેન્ડર બહાર પડી ચુકેલ છે. મુખ્યમંત્રીના હસ્તે રૂડા હસ્તકની લોકાર્પણ કરેલ બે ટાઉનશીપને અનુક્રમે 'વીર સાવરકર ટાઉનશીપ' અને 'ડૉ. બાબા સાહેબ આંબેડકર ટાઉનશીપ' ઉપરાંત ફેઇઝ-૨ના રિંગ રોડને 'દિન દયાલ ઉપાધ્યાય રિંગ રોડ' નામકરણની જાહેરાત કરવામાં આવેલ.

આ અવસરે ભૂતપૂર્વ ઉર્જા મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલે જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકામાં સૌ પ્રથમ ચૂંટાયેલા માન. મેયરશ્રી સ્વ. અરવિંદભાઇ મણીઆરે શહેરના વિકાસ માટે કંડારેલ કેડીએ વર્ષોથી ભાજપના શાસકોએ શહેરના વિકાસને ખુબ આગળ વધારી, રાજકોટને એક અદકેરા શહેર તરીકેની ખ્યાતિ આપવેલ છે. મા. મુખ્યમંત્રીશ્રી રાજકોટનો ખૂણે ખૂણેથી પરીચિત છે જેથી રાજકોટને શું જરૂરીયાત છે? આવશ્યકતા છે? તે તેઓ સારી રીતે જાણે છે. સમગ્ર રાજ્યની પીવાના પાણી માટે ચિંતા કરી રહેલ ભાજપ સરકારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગામેગામ નર્મદાનું પીવાનું પાણી પહોચાડવા માટે એશિયાની લાંબામાં લાંબી એવી સવા લાખ કી.મી. લાઇનનું નેટવર્ક પ્રસ્થાપિત કરેલ છે જે ભાજપની મોટામાં મોટી સિદ્ધિ છે. વિશેષમાં સૌરાષ્ટ્રનો ખેડૂત માથું કાપી માથું વાવી ઉગાડવાની ક્ષમતા ધરાવે છે જે ધ્યાને લઇ, માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સૌની યોજનાનું આયોજન કરલ છે. આ યોજના મારફત સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમો ભરાશે.

આ પ્રસંગે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે જણાવેલ કે, ગુજરાત રાજ્યની નિર્ણાયક સરકારના નિર્ણાયક મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ગરીબલક્ષી, આરોગ્યલક્ષી, બહેનોલક્ષી, વહીવટીતંત્રલક્ષી સહિતના અનેક નિર્ણયો લઇ ખુબ જ ટૂંકા ગાળામાં તંત્રને ખુબ જ વેગવંતુ બનાવેલ છે. ગરીબો માટેના આવાસોની વાત કરીએ તો રૂડા પણ પાછળ નથી. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આજે સૌ પ્રથમ ગરીબોને આવાસોનું લોકાર્પણ કરાયું છે તે માટે રૂડા શાબાશીનું હકદાર છે. રાજકોટ શહેરની ટ્રાફિકની સમસ્યા હળવી બનાવવા જેવા અનેક પગલા લેવાયા છે, હવે આ માટે માલધારી વસાહતનું આયોજન હાથ ધરેલ છે. આ માટે ૧૭૦૦ પશુઓનું ટેગીંગ થઇ ગયેલ છે અને બાકી રહેલ પશુઓનું ટેગીંગ કરવાની કામગીરી ચાલુ છે. માલધારી વસાહત બનાવવા માટે રાજ્ય સરકાર પાસે જમીનની પણ માંગણી કરવામાં આવશે. વિશેષમાં, રાજ્ય સરકારની હાઉસિંગ ફોર ઓલ નીતિ અનુસાર રાજકોટ મહાનગર- -પાલિકાએ પણ ગરીબોને આવાસો મળે તે માટે આશરે ૧૭૦૦ જેટલા આવાસો બનાવેલ છે આ ઉપરાંત મહાનગરપાલિકા એ સ્પોર્ટ્સના પણ અનેક પ્રોજેક્ટ પરિપૂર્ણ કરેલ છે જેમ કે, એથ્લેટિક ગ્રાઉન્ડ, હોકી ગ્રાઉન્ડ, ટેનિસ કોર્ટ, આંતરરાષ્ટ્રીય કક્ષાના બનાવેલ છે. આમ, લોકોની જરૂરીયાત ધ્યાનમાં લઇ કોર્પોરેશન દ્વારા અનેક વિકાસ કામો હાથ ધરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકાને પોતાની શ્રેષ્ઠ કામગીરી માટે અનેક એવોર્ડ મેળવેલ છે તાજેતરમાં ભારતભરમાંથી માત્ર એક રાજકોટને અર્થ અવર કેપિટલ-૨૦૧૬ જાહેર કરેલ છે તેનો એવોર્ડ અમેરિકા ખાતે મહાનગરપાલિકાને આપવામાં આવનાર છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીભારતને વિશ્વગુરૂ તરીકેની ઓળખ અપાવવા ઇચ્છે છે ત્યારે આપણે ભારતને શસ્ત્રથી નહી પણ શાસ્ત્રથી અને સરસ્વતીથી મહાગુરૂ બનાવીએ.

આ અવસરે મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ શાબ્દિક સ્વાગત પ્રવચનમાં જણાવેલ કે, સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટમાં શહેરીકરણ વધી રહેલ છે ત્યારે તેની સાથે અનેક પડકારો પણ ઉભા થયા છે. આ પડકારમાં મુખ્ય ટ્રાફિકની સમસ્યા છે જેનું નિરાકરણ લાવવા આજે આ બે બ્રિજનું માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત કરાવેલ છે. વિશેષમાં તેઓ જણાવેલ કે, આ ફલાય ઓવરબ્રિજ બનવાથી શહેરના ટ્રાફિકના વહનમાં સરતા રહેશે, વાહનોનું ઇંધણ બચશે તેમજ વાહનોની કાર્યક્ષમતામાં વધારો થશે. લોકોના સહયોગથી તંત્રના સ્વચ્છ રાજકોટ અને સ્માર્ટ રાજકોટ બને તે બે મુખ્ય ઉદ્દેશ છે. વિશેષમાં કમિશનરશ્રીએ જણાવેલ કે, છેલ્લા બે વર્ષમાં સ્થાનિક જળાશયો ખાલી હોવા છતાં રાજકોટવાસીઓને રોજ નર્મદાનું પાણી મળતું રહ્યું છે તે બદલ રાજ્ય સરકારશ્રીનો આભાર માનું છું.

આ પ્રસંગે કાર્યક્રમની શરૂઆત માં મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ પુષ્પગુચ્છ દ્વારા તેમજ બાંધકામ સમિતિના ચેરમેન સૌ મહાનુભાવોને પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ. રાજકોટને જાહેરમાં શૌચ ક્રિયાથી મુક્ત થવા બદલ ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન. મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે પદાધિકારીઓને આપવામાં આવેલ છે. આ અવસરે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારી ઓ દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીને ફૂલહાર તથા મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરેલ. તેમજ વોર્ડ નં. ૧ના કોર્પોરેટરશ્રીઓ અને ભાજપ હોદ્દેદારો દ્વારા સ્મૃતિચિહ્ન અર્પણ કરી સ્વાગત કરેલ.

કાર્યક્રમના અંતે આભારવિધિ સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલે કરેલ. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મેહુલ દવેએ કરેલ.

# રાજકોટ મનપાના BRTSના પ્રવાસીઓ માટે ફ્રી વાઇ.ફાય. સેવાનો શુભારંભ કરાવતા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી




રાજકોટ મહાનગરપાલિકાની ૧૫૦ ફૂટ રિંગ રોડ પરની બી.આર.ટી.એસ. સેવાના મુસાફરો માટે ગુજરાતના સર્વાંગી વિકાસના સ્વપ્નદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આજે ફ્રી વાય ફાય સેવાનું લોન્ચીંગ કર્યું હતું. આ સુવિધાઓ શુભારંભ કરાવ્યો હતો.

આ તકે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ એમ જણાવ્યું હતું કે, રાજકોટના ૧૫ હજાર લોકોને આ સેવાનો દરરોજ ફ્રી લાભ મળશે. આ ક્ષેત્રે વધુ સેવા વિસ્તાર આગળ વધારી સ્માર્ટ સિટીની સુવિધાઓ વધારવા આગળ વધી રહ્યા છીએ. તેમ તેમણે જણાવ્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લોકોને બી.આર.ટી.એસ. રૂટ ઉપર ફ્રી વાય.ફાય. સુવિધા ઉપલબ્ધ કરાવવાના ભાગરૂપે બી.આર.-ટી.એસ.ના ૧૮ બસ સેલ્ટર્સ પર આજથી આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ફ્રી વાય.ફાય સુવિધામાં દરેક પેસેન્જર ૧૦ એમ.બી.પી.એસ.ની સ્પીડથી ૧૦ મીનીટ સુધી ફ્રી વાય.ફાય.નો ઉપયોગ કરી શકશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, રાજકોટના ગોંડલ ચોકડીથી માધાપર ચોક સુધીના ૧૦.૭૦ કી.મી. સુધીના બી.આર.ટી.એસ. પાયલોટ બ્લુ કોરીડોરની રચના કરવામાં આવેલ છે. જે અંતર્ગત સર્વિસ લેન, સાયકલ લેન, પેડેસ્ટ્રીયન વે, મોટર વ્હીકલ લેન તથા બી.આર.ટી.એસ. બસ લેનનું નિર્માણ કરી આ રૂટ ઉપર બી.આર.ટી.એસ.ના ૧૮ શેલ્ટર્સનું નિર્માણ કરવામાં આવેલ છે. જેના પર બી.આર.ટી.એસ. બસ સર્વિસ તા. ૧-૧૦-૧૨થી શરૂ કરવામાં આવી છે. જેનું વ્યવસ્થાપન તથા વહિવટી કાર્ય રાજકોટ રાજપથ લી.ની. રચના કંપની એક્ટ હેઠળ કરવામાં આવી છે. આ કંપની દ્વારા બી.આર.ટી.એસ. બસ સર્વિસની ફેર કલેક્શન સિસ્ટમ તા. ૧-૩-૧૩થી લાગુ કરવામાં આવી છે.

આ બસ સેવાનો ૨૦૧૨માં કુલ ૨૦ લાખ ૬૧ હજાર જેટલા લોકોએ જ્યારે એપ્રિલ-૧૬થી અત્યારસુધીમાં ૪૪ લાખ ૧૫ હજાર જેટલા લોકોએ લાભ લીધો છે. મુસાફરોને રૂટના ૧૮ સેલ્ટર્સ ઉપર ગુજરાતી છાપાઓની સુવિધા આપવા સાથે મુસાફરોની સુવિધા માટે સી.સી.ટી.વી. કેમેરા દિવ્યાંગો માટે સરળ મુસાફરી સુવિધા, પેન્ટીએમ, સ્માર્ટ ટીકીટીંગની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી.

આ ફ્રી વાય.ફાય. શુભારંભ કાર્યક્રમમાં મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, મ્યુ. ફાયનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, સાંસદશ્રી મોહનભાઇ કુંડારીયા, કલેક્ટર ડૉ. વિક્રાંત પાંડે, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત, ધારાસભ્ય સર્વશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રીમતી ભાનુબેન બાબરિયા, ડેપ્યુટી. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, રાજકોટ મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પંડ્યા, ભૂતપૂર્વ મેયરશ્રી ઉદયભાઇ કાનગડ,











સ્ટે. કમિટીના ભૂતપૂર્વ ચેરમેનશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી મનિષભાઇ રાડીયા, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડીયા, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી દલસુખભાઇ જાગાણી, ડેપ્યુટી કમિશનરશ્રી આર. જે. હાલાણી, શાળા બોર્ડના ચેરમેન શ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, સિટી એન્જી. શ્રી ભાવેશભાઇ જોષી, બી.આર.-ટી.એસ. બસ સેવાનું સંચાલન કરતી રાજકોટ રાજપથ લી.ના જનરલ મેનેજર શ્રી વાય. કે. ગોસ્વામી તથા બહોળી સંખ્યામાં પદાધિકારીઓ, અધિકારીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહેલ હતા.



# પ્રી મેરેથોન પ્રમોશનલ ઈવેન્ટ



## રાજકોટ મહાનગરપાલિકા અને રોટરી કલબ રાજકોટ મીડટાઉન દ્વારા શાનદાર સફળ આયોજન કરાયું

# ૫૦ કિ.મી.ની સાઈકલોફન યોજાઈ



રાજકોટ શહેરમાં ગત તા. ૨૪-૪-૨૦૧૬ના રોજ પ્રથમ વખત યોજાયેલ હાફ મેરેથોન દોડને યાદગાર સફળતાને પગલે હવે રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલિસ દ્વારા આગામી તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ યોજાનારી આંતરરાષ્ટ્રીય કક્ષાની ૪૨ કિ.મી.ની ફૂલ મેરેથોનમાં વધુ ને વધુ સ્પર્ધકો ભાગ ભાગ લ્યે તેવા આશય સાથે પ્રિ મેરેથોન પ્રમોશનલ ઈવેન્ટ તરીકે રાજકો મહાનગરપાલિકા અને રોટરી કલબ રાજકોટ મીડટાઉન દ્વારા તા. ૨૯-૧-૨૦૧૭ ને રવિવારે સવારે ૬ કલાકે સાઇકલોફનનું આયોજન કરવામાં આવેલ હતું. આ આયોજનમાં રાજકોટ શહેર પોલીસ, રાજકોટ સાઇકલ કલબ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને જીનીયસ સ્કૂલ ઉપરાંત પ્રયાસ ફાઉન્ડેશન દ્વારા સહયોગ આપવામાં આવી રહયો છે. ૪૨ કિ.મી.ના મેરેથોન રૂટ પર નીકળેલી સાઇકલોફનમાં ૧૫૦૦ થી વધુ સાઇકલ સવાર ભાગ લીધો હતો. સાઇકલીસ્ટો માટે કુલ ૫૦ કિ.મી.નું અંતર નકકી કરાયું હતું.

માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ સાઇકલોફન ફલેગ ઓફ કાર્યક્રમમાં ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રીમતી અંજલીબેન રૂપાણીએ સાઇકલ રેલીને ઝંડી આપી રવાના કરી હતી. આ પ્રસંગે સ્ટે. કમિટી ચેરમેન અને શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, જિલ્લા કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, શાસકપક્ષ નેતા શ્રી અરવિંદભાઇ રૈયાણી, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર અને દંડકશ્રી રાજુભાઇ અઘેરા, આસી. પોલીસ કમિશનર (ટ્રાફિક) શ્રી કે. બી. ઝાલા અને અન્ય પોલીસ અધિકારી શ્રી બી. કે. ઝાલા ઉપરાંત રોટલી કલબ - રાજકોટ મીડટાઉન લાઇબ્રેરી અને રાજકોટ સાઇકલ કલબના પ્રોજેકટ ચેરમેન શ્રી દિવ્યેશભાઇ અઘેરા, સૌરાષ્ટ્ર યુની.ના અધિકારીશ્રીઓ, જીનીયસ સ્કૂલના શ્રી ડી. વી. મહેતા, પ્રયાસ ફાઉન્ડેનના શ્રી પૂજાબેન ભટ્ટ, તેમજ નાયબ કમિશનરશ્રીઓ શ્રી ચેતન નંદાણી અને શ્રી આર. જે. હાલાણી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહયા હતાં.

સાયકલોફનમાં મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની અને જિલ્લા કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડેએ પણ ભાગ લીધો હતો. સાયકલોફનમાં બે કેટેગરી રાખવામાં આવેલ જેમાં એક કેટેગરીમાં ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે હતી. બાળકો રેસકોર્ષ રિંગ રોડ પર (બે રાઉન્ડમાં) કુલ પાંચ કિ.મી. ફન સાઇકલીંગ કર્યુ હતું. જયારે બીજી કેટેગરી ૫૦ કિ.મી.ની સાયકલોફન રેલી હતી અને આ રેલી માટે ત્રણ કલાકનો સમય રાખવામાં આવેલ. જે વ્યકિત ત્રણ કલાકની મર્યાદામાં રેલી પૂર્ણ કરશે તેવા તમામ લોકોનો ડ્રો કરી પુરસ્કાર પણ આપવામાં આવેલ હતાં.

ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રીમતી અંજલિબેન રૂપાણીએ સાયકલોફનમાં સામેલ થયેલા ૧૫૦૦ થી વધારે લોકોને ખુબ ખુબ અભિનંદન આપતા કહયું હતું કે, રાજકોટવાસીઓનો આ ઉત્સાહ જોઇને એમ કહી શકાય કે, રાજકોટ ખરેખર રંગીલું શહેર છે. આગામી ફૂલ મેરેથોન પણ રાજકોટ સફળતાપૂર્વક યોજી ડંકો વગાડશે. રાજકોટ મહાનગરપાલિકા વિકાસની સાથોસાથ રચનાત્મક પ્રવૃત્તિઓ પણ હાથ ધરીને રાજકોટની એક નવી ઓળખ ઉભી કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

આ અવસરે માન. મયેરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે આ અવસરે એમ જણાવ્યું હતું કે, આપણું શહેર માત્ર ભારત દેશમાં જ નહી પરંતુ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની એક નવી ઇમેજ રચવા આગળ ધપી રહયું છે. રાજકોટ મહાનગરપાલિકા શહેરના ભૌતિક વિકાસની સાથોસાથ સામાજિક, રચનાત્મક અને પર્યાવરણ ક્ષેત્રે પણ પોતાનું યોગદાન આપી રાજકોટને શ્રેષ્ઠ શહેર બનાવવા સતત પ્રયાસ કરી રહી છે. રાજકોટ લો કાર્બન એમિશન અનુસંધાને શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ જીતી ચૂકયું છે. શહેરીજનો સાઇકલીંગ જેવા નોનમોટરાઇઝડ ટ્રાન્સપો- -ર્ટેશન વિકલ્પ અપનાવે અને પ્રદુષણ ઓછું કરવામાં સહયોગી બને તેવા આશય સાથે સાઇકલોફન યોજવામાં આવેલ છે. આમ પણ સાઇકલીંગ વ્યકિતની તંદુરસ્તી માટે આશિર્વાદરૂપ ગણાય

સાઇકલોફનમાં ભાગ લેનાર તમામ વ્યકિતને હેલમેટ, ટીશર્ટ અપાશે. રૂટ પર પાણી, મેડિકલ સુવિધા, મ્યુઝીકલ, ચીયરીંગ વગેરે ઉપલબ્ધ કરાવવામાં આવેલ હતી. સાઇકલોફનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને જીનીયસ સ્કૂલ રજીસ્ટ્રેશન પાર્ટનર તરીકે સહયોગ આપ્યો હતો.

સાયકલોફનની બે કેટેગરીમાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજની સાયકલોફનમાં પુખ્તવયની કેટેગરીમાં ૬૧૫ જણે ભાગ લીધો હતો જયારે ચિલ્ડ્રન કેટેગરીમાં ७૫એ ભાગ લીધો હતો. સાઇકલોફન ત્રણ કલાકના સમયગાળામાં સ્પર્ધા પૂર્ણ કરવામાં આવી હતી પહેલા ૧૫ જણને ડ્રો સિસ્ટમથી પસંદગી કરી તે પૈકીના ૧૨ લોકોને સાયકલ સહિત ગીફ્ટ વાઉચર આપવામાં આવેલ હતાં. રેસકોર્ષ મેદાનથી પ્રસ્થાન કરીને ૪૨ કિ.મી.નો ફૂલ મેરેથોનનો જે રૂટ નકકી કરવામાં આવ્યો છે રૂટ પર સાઇકલોફન નિકળી હતી. અંદાજે ૧૫૦૦થી વધુ સાઇકિલિસ્ટ ભાગ લીધો હતો. સવારે ૫ કલાકે રિપોર્ટિંગ ટાઇમ એટલે કે, ભાગ લેનારે રેસકોર્ષ ખાતે પહોંચી ગયા હતા. ત્યારબાદ ૬ કલાકે સૌપ્રથમ તરુણો અને યુવાનોને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. તેઓનો પરત ફરવાનો સમય હશે અરસામાં ७:૩૦ કલાક બાદ ભાગ લેનાર બાળકોને રવાના કરવામાં આવ્યા હતા.

# રાજકોટ મહાનગરપાલિકાનું નાણાકીય વર્ષ ૨૦૧૭-'૧૮નું રૂા. ૨૫૩૭.૩૫ કરોડનું બજેટ જનરલ બોર્ડમાં મંજુર



## બજેટ થીમ

**RESURGENT CITY (ઉદયમાન શહેર)**

**RESURGENT એટલે...**

- ROBUST APPROACH
- ECO-CITY-SOLAR CITY
- SOCIAL SECTOR (INCLUSIVE CITY)
- URBAN & HUMAN DEVELOPMENT
- RESILIENT
- GARDEN CITY-GREEN CITY
- EDUCATIONAL DEVELOPMENT
- NATURE FRIENDLY
- TECHNOLOGY DRIVEN



રાજકોટ શહેરની ખ્યાતિ આજે દેશના સીમાડા ઓળંગી વિદેશમાં પણ પ્રસરી રહી છે. દેશભરમાં તથા આંતરરાષ્ટ્રીય સ્તરે આપણું રંગીલું રાજકોટ સાંસ્કૃતિક નગરી તથા રમતગમત નગરી તરીકે એક નવી ખોળખ ઉભી કરી રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના આગામી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટને આખરી ઓપ આપતી વખતે લોકોની અપેક્ષાઓનું પ્રતિબિંબ તેમાં ઝીલાય તેની સવિશેષ કાળજી રાખી છે.

રાજકોટ શહેર હવે પરિવતનની એક નવી દિશામાં કદમ માંડવા જઈ રહ્યું છે. આગામી સમયમાં શહેરની કાયાપલટ થાય અને રાજકોટ વધુ રહેવાલાયક તથા માણવાલાયક બની રહ્યાની લોકો અનુભૂતિ કરે તેવી મહેચ્છા સાથે રાજકોટ મહાનગરપાલિકાએ આગામી નાણાકીય વર્ષના બજેટની રૂપરેખા તૈયાર કરવાનો લોકોના સહયોગ સાથે પ્રયાસ કર્યો છે. રાજકોટ મહાનગરપાલિકા ઇચ્છે છે કે, રાજકોટ એક એવું **RESURGENT CITY** (ઉદયમાન શહેર) બને જેમાં સૌ નાગરિકો પોતાનાં સપનાઓ તથા આકાંક્ષાઓ સાકાર કરી શકે. નાગરિકોના જીવનમાં પ્રગતિનો એક નવો સૂર્ય ઉદય પામે. આ માટે શહેરના નાગરિકોની સક્રિય ભાગીદારી અને સરકારશ્રીના સહયોગ સાથે લોકોને સાતત્યપૂર્ણ રીતે ગુણવત્તાયુક્ત માળખાકીય સુવિધા ઉપલબ્ધ બનાવવા, કાર્યક્ષમ સેવાપૂર્તિ કરવા, અને તેઓના જીવનધોરણમાં તથા શહેરનાં ભાવિમાં પ્રગતિમય સુધારો લાવવા રાજકોટ મહાનગપાલિકા પ્રતિબદ્ધ છે. વહીવટી તંત્રએ મહાનગરપાલિકાનું આગામી વર્ષનું બજેટ તૈયાર કરતા પૂર્વે નાગરિકો પાસેથી સુચનો પણ આમંત્રિત કરી તેઓને વિકાસયાત્રામાં સહભાગી બનાવ્યા છે. અહિ, એ ખુબ જ આનંદની વાત છે કે, ઘણા લોકોએ પોતાના કિંમતી સુચનો રજુ કર્યા હતાં, જે પૈકી શકય હોય તે તમામ સુચનો બજેટમાં સામેલ કર્યા છે. લોકોના આ સહયોગ બદલ મહાનગરપાલિકા તેમના પ્રત્યે આભારવશતા પ્રગટ કરે છે.

રાજકોટ મહાનગરપાલિકાએ આગામી નાણાકીય વર્ષ માટેના આ અંદાજપત્ર RESURGENT CITY (ઉદયમાન શહેર)ની કલ્પના કરી છે અને તેને મૂર્તિમંત કરવાનું બીડું પણ ઝડપ્યુ છે. રાજકોટવાસીઓ આ કલ્પનાને સાકાર કરવામાં તંત્ર સાથે ખભેખભા મિલાવી સાથસહકાર પ્રદાન કરશે તેવા અતુટ વિશ્વાસ સાથે નાણાકીય વર્ષ ૨૦૧૭-'૧૮નું રૂા.૨૫૩૭.૩૫ કરોડનું બજેટ તા. ૧૮-૨-૨૦૧૭ના રોજ યોજાયેલ જનરલ બોર્ડમાં મંજુર કરવામાં આવેલ હતું.

**RESURGENT CITY** (ઉદયમાન શહેર) ની કલ્પના કાંક એવી છે કે જેમાં...

**RESURGENT** એટલે...

- ROBUST APPROACH
- ECO-CITY-SOLAR CITY
- SOCIAL SECTOR (INCLUSIVE CITY)
- URBAN & HUMAN DEVELOPMENT
- RESILIENT
- GARDEN CITY-GREEN CITY
- EDUCATIONAL DEVELOPMENT
- NATURE FRIENDLY
- TECHNOLOGY DRIVEN

ઉદયમાન રાજકોટની કલ્પનામાં શહેરને મૂળભૂત સુવિધાઓનું મજબુત માળખું પ્રદાન કરવું શહેરી પર્યાવરણ જાળવણી કરવી, સૌર ઉર્જા મહત્તમ ઉપયોગ થાય તેવા આયોજન કરવા, શહેરને વૈશ્વિક કક્ષાની આધુનિક સુવિધાઓ આપવાની સાથોસાથ શહેરમાં ગ્રામ્ય સંસ્કૃતિનો દીપ પણ ઝળહળતો રહે તે માટે પ્રયાસો કરવા, આપણું શહેર કોઈપણ પ્રકારની કટોકટી કે આપત્તિ સામે ઝીંક ઝીલી શકે અને તેનો મજબુત પ્રતિકાર કરી શકે તેટલું સક્ષમ બનાવવું, રંગીલું રાજકોટ હરિયાળું બને અને ગાર્ડન સિટી તરીકેની એક નવી સુંદર ઓળખ પામે તે માટે સહિયારા પ્રયાસ કરવા, શહેરને વિવિધ બાબતો અંગે એવી રીતે પ્રશિક્ષિત કરવું કે મહાનગરપાલિકાનું તંત્ર અને લોકો એકબીજા સાથે હાથમાં હાથ મિલાવી શહેરને અપેક્ષિત લક્ષ્યાંક ભણી આગળ દોરી શકે. ઉપરાંત શહેરના વિદ્યાર્થી ભાઇઓ-બહેનોને તેમની શૈક્ષણિક કારકિર્દી ઘડવામાં પણ વહીવટી તંત્ર સાથીદાર બને, આધુનિક બનતા જતા વિશ્વ સાથે કદમ મિલાવી શહેરને કાંઇક ને કાંઇક નવું પ્રદાન કરવા માટે તંત્રને સતત તત્પર રાખવું અને વિશ્વની અવનવી ટેકનોલોજીના આવિષ્કારનાં લાભીથી સમૃદ્ધ બનાવવાની નેમ છે.

રાજકોટ મહાનગરપાલિકાએ રાજકોટ શહેરને RESURGENT, SUSTAINABLE અને INCLUSIVE બનાવવા માટે ભગીરથ પ્રયાસ હાથ ધર્યો છે. SMART CITY મિશનના હવે પછીના તબક્કામાં રાજકોટ પસંદ થાય અને તેના માધ્યમથી ઉપરોક્ત લક્ષ્યાંકો હાંસલ કરવામાં વધુ આસાની રહેશે તેવી તંત્રને આશા છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટના માધ્યમથી રાજકોટને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સાથોસાથ શહેરની મૂળભૂત સુવિધાઓનું માળખું પણ વધુ ને વધુ મજબુત બનાવી શકાશે. આપણું રાજકોટ એક એવું શહેર બને જેમાં પ્રત્યેક નાગરિક પાસે રહેવા સુવિધાયુક્ત ઘર હોય, જીવનધોરણ સારીરીતે ચાલે તેટલી પર્યાપ્ત રોજી મળતી હોય, આનંદ પ્રમોદ માટે પુરતી સુવિધા શહેરમાં હોય, તેમના બાળકો માત્ર શૈક્ષણિક અભ્યાસ પ્રાપ્ત કરે અને તેઓ દેશના સારા જાગૃત નાગરિક પણ બને તેવા સંસ્કારનું સિંચન પણ થાય. ઇઝ ઓફ ડુઈંગ બિઝનેશમાં અભિગમ હેઠળ વ્યાપાર બિઝનેશ માટે પણ તંત્ર દ્વારા શહેરમાં સાનુકુળ માહોલ રચાય.

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ RESURGENT RAJKOT એટલે કે ઉદયમાન રાજકોટની થીમ સાથે સને ૨૦૧૭-૧૮ના વર્ષનું રૂ.૨૫૧૯.૪૩ કરોડનું બજેટ સ્થાયી સમિતિની મંજૂરી અર્થે રજુ કરેલ. ત્યારબાદ બજેટના વિવિધ પ્રસ્તાવો પર સ્ટેન્ડિંગ કમિટીએ ગન પરામર્શને અંતે રૂ.૨૫૩૭.૩૫ કરોડના પ્રગતિશીલ બજેટને તા. ૧૮-૨-૨૦૧૭ના રોજ જનરલ બોર્ડમાં રજુ કરતા ત્યાં બજેટ મંજૂર થયું હતું.

કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીના આર્થિક સહયોગની અપેક્ષા સાથે સ્ટેન્ડિંગ કમિટીએ કમિશનરશ્રી દ્વારા કુલ રૂ.૩.૪૫ કરોડના નવા ચાર કર પ્રસ્તાવ ગ્રાહ્ય રાખેલ નથી. આ ઉપરાંત સને ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ દરમિયાન કાર્પેટ એરિયા આધારિત આકારણી પદ્ધતિની તમામ પ્રક્રિયા પૂર્ણ કરી, તા.૦૧-૦૪-૨૦૧૮થી એટલે કે, સને: ૨૦૧૮-૧૯માં આ કાર્પે એરિયા આધારિત આકારણી પદ્ધતિ મુજબની કાર્યવાહી હાથ ધરવા નક્કી કરાયેલ છે. સને ૨૦૧૬-૧૭માં જે મુજબ મકાન વેરો, સફાઇ કર, ડ્રેનેજ કર, દિવાબત્તી કર વસૂલ કરવામાં આવેલ તે મુજબના ધોરણો હાલ તુરત સને ૨૦૧૭-૧૮ના વર્ષમાં મકાન વેરો, સફાઇ કર, ડ્રેનેજ કર, દિવાબત્તી કર વસૂલ કરવાનું નક્કી થયેલ છે.

- **<u>વન ટાઈમ સેટલમેન્ટ યોજના</u>**

શહેરની તમામ મિલકતો માટે કાર્પેટ એરિયા આધારિત આકારણી પદ્ધતિ અમલમાં મૂકવાનું આયોજન છે. ઘણા મિલકતદારકો સંજોગોવશાત મિલકતવેરો તથા પાણી ચાર્જીસ ભરી શકેલ નથી. તેવા તમામ મિલકતધારકોને, કાર્પેટ એરિયા આધારિત આકારણી પદ્ધતિ અમલમાં આવે તે પહેલા વન ટાઇમ સેટલમેન્ટ યોજના દાખલ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

કાર્પે એરિયા આધારિત આકારણી પદ્ધતિની અમલવારી માટે જૂની બાકી ધરાવતા મિલકતધારોકના કારણે વિસંગતતા ઉભી થાય છે અને લાંબા સમયથી રકમ નહિ ભરવાનાર મિલકતધારોકને એક તક મે તેમજ વ્યાજની રકમમાં રાહત મળે અને રાજકોટ મહાનગરપાલિકાને પણ પાછલી બાકી રકમની આવક થાય તેમજ કાર્પેટ એરિયા આધારિત પદ્ધતિની અમભલવારીમાં સરળતા રહે તેવા હેતુથી આ યોજનાનો અમલ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. વન ટાઇમ સેટલમેન્ટ યોજના તા.૧-૩-૨૦૧૭ થી તા.૩૦-૪-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

રાજકોટમાં નવા ભળેલા કોઠારીયા અને વાવડીના વિસ્તારોમાં વસવાટ કરતા લોકોને પાયારૂપ મૂળભૂત સુવિધાઓ આપવાની સાથોસાથ સમગ્ર શહેરને સમતોલ વિકાસ થાય અને લોકોની આધુનિક સુખ સુવિધાઓમાં પણ વધારો થાય તે માટે શાસક પક્ષ દ્વારા આ બજેટમાં પૂરતી નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે.

- **<u>મ્યુનિસિપલ બોન્ડ :</u>**

માત્ર રાજકોટ મહાનગરપાલિકાની આવકમાં વધારો કરવા માટે જ નહી, પરંતુ નાગરિકોમાં પણ શહેરની વિકાસ પ્રક્રિયામાં સહયોગી બન્યાની લાગણી જન્મે તેવા ઉમદા આશયથી કુલ રૂ.૧૦૦ કરોડના મ્યુનિસિપલ બોન્ડ ઇસ્યુ કરવાનો પ્રસ્તાવ બજેટમાં રજુ કર્યો છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે, રાજકોટવાસીઓ મ્યુનિ. તંત્રની આ નવી પહેલને ઉમળકાથી આવકારશે. મ્યુનિસિપલ બોન્ડ સ્કીમમાં ભાગ લેનાર લોકોને બદલામાં પર્યાપ્ત વળતર મળે એવી તકેદારી રાખવામાં આવેલ છે.

- **<u>એશિયન ડેવલપમેન્ટ બેન્કની લોન :</u>**

રાજકોટમાં પ્રાયોગિક રીતે ૨૪×૭ ધોરે ચોવીસ કલાક પીવાના પાણીનું વિતરણ કરવાના પ્રોજેક્ટ માટે એશિયન ડેવલપમેન્ટ બેન્ક દ્વારા રૂ.૩૦૦ કરોડની લોન મંજુર કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટમાં પ્રથમ તબક્કે વેસ્ટ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧,૮,૯,૧૦,૧૧ અને ૧૨માં કુલ ૪૫,૦૦૦ ઘરમાં ચોવેસે કલાક પાણીની સુવિધા ઉપલબ્ધ બનશે.

- **<u>કે.કે.વી. સર્કલ ખાતે અન્ડર પાસ :</u>**

શહેરના વિવિધ રાજમાર્ગો વધુ ને વધુ પીપલ ફ્રેન્ડલી બની રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ક્રમશઃ જુદા જુદા પ્રોજેક્ટ હાથ પર લેવામાં આવે છે. આગામી વર્ષના બજેટમાં કાલાવડ રોડ પર કે.કે.વી. હોલ ચોક ખાતે અન્ડર પાસ બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ માટે પ્રારંભિક તબક્કે રૂ.૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ સાકાર થતા પરિવહન માટે વાહન ચાલકોને વધુ એક વિકલ્પ પ્રાપ્ત થશે.

- **<u>લક્ષ્મીનગર અન્ડરબ્રીજ વિસ્તૃતિકરણ :</u>**

લક્ષ્મીનગર રેલ્વે ટ્રેક નીચે આવેલા નાલાની ઉંચાઇ અને ઉંડાઇ ઓછી છે અને ચોમાસામાં પણ ભારે વરસાદની સ્થિતિમાં આ નાલામાં પાણી ભરાવવાની સમસ્યા રહે છે. આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા માટે લક્ષ્મીનગર અંડરબ્રીજ વિસ્તૃતિકરણ યોજના હાથ ધરવામાં આવશે. આ યોજના માટે બજેટમાં રૂ.૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયેલી લક્ષ્મીનગર મેઇન રોડ પરના ટ્રાફિકને વધુ સુગમતા રહેશે.

- **<u>છ હાઈસ્કૂલ માટે રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચર :</u>**

રાજકોટ શહેરે છેલ્લા કેટલાક વર્ષોમાં રત ગમત ક્ષેત્રે ખુબ સારી એવી પ્રગતિ કરી છે. ખેલકુદ ક્ષેત્રે રાજકોટના રમતવીરો વધુ ને વધુ પ્રભાવશાળી પ્રદર્શન કરે અને શહેરનું નામ વધુ રોશન થાય તેવા ઉમદા આશયથી રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની તમામ છ હાઇસ્કૂલોમાં સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસવાની યોજના બજેટમાં સૂચવવામાં આવેલ છે. આ યોજના માટે રૂ.૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

- **<u>છ હાઈસ્કૂલ માટે રમતગમતના સાધનો :</u>**

રાજકોટ મહાનગરપાલિકા હસ્તક ની તમામ છ હાઇસ્કૂલોમાં સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવાની સાથો સાથ જ વિદ્યાર્થી ભાઇ બહેનો માટે રમતગમતના વિવિધ સાધોન વિસાવવા માટે રૂ.૧૫ લાખની બજેટ જોગવાઇ કરી છે.

- **<u>વોર્ડ નં.૧૦માં સ્પોર્ટસ સંકુલ :</u>**

શહેરના રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે સ્પોર્ટસની વિવિધ




## યોજનાઓ ઉડતી નજરે

| ક્રમ | યોજનાનનું નામ | અંદાજીત ખર્ચ (રકમ રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | વધુ નવા હોકર્સ ઝોનનું નિર્માણ | ૬૦૦.૦૦ |
| ૨ | પાંચ રેઇન બસેરાનું આધુનિક - O&M સાથે | ૧૫૦.૦૦ |
| ૩ | કન્વેશન સેન્ટરનું નિર્માણ કરવું | ૨૪૦૦.૦૦ |
| ૪ | ગ્રામ હાટનું નિર્માણ કરવું | ૫૧૦.૦૦ |
| ૫ | શહેરના વેસ્ટ ઝોનના છ વોર્ડમાં ૨૪×૭ ધોરણે ચોવીસે કલાક પીવાના પાણીનું વિતરણ | ૩૦૦૦૦.૦૦ |
| ૬ | નવા ગાર્ડન | ૩૦૦.૦૦ |
| ૭ | વાઇફાઇ સિસ્ટમ અને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી | ૧૭.૫૦ |
| ૮ | ૨૪ કલાક શાળાઓમાં સ્માર્ટ કલાસ-શાળાઓમાં ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવ. | ૫૦.૦૦ |
| ૯ | સ્માર્ટ સીસીટીવી નેટવર્ક, ટ્રાફિક પ્રશ્નનું વિતરણ | ૫૦.૦૦ |
| ૧૦ | RMCની સ્કૂલના બાળકો માટે સેવિંગ્ઝ સ્કીમ-સુકન્યા સમૃદ્ધિ | ૩૬.૦૦ |
| ૧૧ | ફલોટિંગ સોલાર પ્લાન્ટ | ૨૫.૦૦ |
| ૧૨ | ઝૂ ખાતે એમ્યુઝમેન્ટ પાર્ક, બોટિંગ અને નવા ઇલેક્ટ્રિક વાહનો | ૩૫૪.૦૦ |
| ૧૩ | મલ્ટી લેવલ પાર્કિંગ | ૧૦૦.૦૦ |
| ૧૪ | દરેક વોર્ડ ઓફિસે E-WASTE COLLECTION BOX | કામગીરી પૂર્ણ |
| ૧૫ | માલધારી વસાહત | ૩૫૦.૦૦ |
| ૧૬ | મુખ્યમંત્રી આવાસ યોજના (એફોર્ડેબલ હાઉસિંગ) | ૭૩૭૭.૭૦ |
| ૧૭ | પ્રધાનમંત્રી આવાસ યોજના | ૧૯૬૨૮.૧૪ |
| ૧૮ | શાળા બિલ્ડીંગ અધતનિકરણ | ૬૦.૦૦ |
| ૧૯ | નવા પુસ્તકાલયો | ૨૦૦.૫૧ |
| ૨૦ | દિવ્યાંગ તથા મહિલાઓ માટે હોકર્સ ઝોન | ૫૦.૦૦ |
| ૨૧ | નાના મવા ખાતે સ્પોર્ટસ કોમ્પલેક્ષ | ૧૦૦૦.૦૦ |
| ૨૨ | ડીજીટલ હેલ્થ કાર્ડ | ૩૦.૦૦ |
| ૨૩ | સક્ષમ રાજકોટ | ૫૦.૦૦ |
| ૨૪ | બુક ફેર | ૪૦.૦૦ |
| ૨૫ | GIS સિસ્ટમ | ૩૦૦.૦૦ |
| ૨૬ | નવા વિસ્તાર કોઠારિયા-વાવડી સ્ટ્રીટલાઇટ | ૩૧.૧૬ |
| ૨૭ | વિજ બચત માટે એસ્કો એકાઉન્ટ | ૨૭૪.૦૦ |
| ૨૮ | દવાઓ, રસીઓ માટે આધુનિક સ્ટોર | ૮૦.૦૦ |
| ૨૯ | વોર્ડ સ્વચ્છતા (દરેક વોર્ડ માટે) | ૨૬૫.૦૦ |
| ૩૦ | મવડી રોડ બ્રીજ | ૧૫૦૦.૦૦ |
| ૩૧ | મહિલાઓ માટે સ્વીમીંગ પુલ | ૧૨૫.૦૦ |
| ૩૨ | રેકર્ડ રૂમ | ૧૦૦.૦૦ |
| ૩૩ | દરેક વોર્ડમાં ખેલ સંકુલ | ૫૦૦.૦૦ |
| ૩૪ | બે નવી શાળા | ૪૦૦.૦૦ |
| ૩૫ | નાના મવા ખાતે સ્પોર્ટસ સંકુલ | ૧૦૦૦.૦૦ |

સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. તેમા થોડો વધારો કરવા અને વેસ્ટ ઝોન વિસ્તારની જરૂરીયાત ધ્યાને લઇ વોર્ડ નં.૧૦માં યોગ્ય જગ્યાએ અદ્યતન સ્પોર્ટ સંકુલ બનાવવાનું નક્કી કર્યું છે. આ પ્રોજેકટ માટે રૂા.૨૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

**- સ્થાનિક કોચને નેશનલ કોચ દ્વારા કોચિંગ આપવું :**

રાજકોટમાંથી વધુ સારા ખેલાડીઓ તૈયાર થઇ શકે, તથા રાજ્ય અને દેશને પ્રતિભાવંત ખેલાડીઓ મળે તેમજ તેઓ આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચી શકે તે માટે શહેરના સ્થાનિક કોચને, નેશનલ કોચ પાસેથી કોચિંગ મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવશે. આ માટે બજેટમાં રૂા.૨૫ લાખની જોગવાઇ કરી છે.

**- બે નવી હાઇસ્કુલોનું નિર્માણ**

હાલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં છ હાઇસ્કૂલ કાર્યરત છે. ખાસ કરીને ખાનગી હાઇસ્કૂલોના મોંઘા શિક્ષણ સામે મહાનગરપાલિકાની હાઇસ્કૂલો ગરીબ અને મધ્યમ વર્ગના છાત્રો માટે ખુબ જ આશીર્વાદરૂપ બની રહી છે. આ બાબતને નજર સમક્ષ રાખી શહેરમાં વોર્ડ નં. ૪માં ભગવતીપરા ખાતે તથા વોર્ડ નં.૧૦માં પણ હાઇસ્કૂલ બનાવવામાં આવશે. આ પ્રોજેકટ માટે રૂા.૪૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**- વોર્ડ નં. ૨માં નવી લાઇબ્રેરી :**

આજના આધુનિક માહિતી યુગમાં પણ લોકોની પુસ્તક વાંચન ભુખ યથાવત જળવાઇ રહી છે. હાલમાં, કાર્યરત રહેલી મહાનગરપાલિકા સંચાલિત લાઇબ્રેરીઓ તેની સાક્ષી પૂરે છે. વાંચનપ્રેમી લોકોને મળી રહેલી આ સુવિધાઓ વિસ્તારવા આગામી વર્ષમાં વોર્ડ નં.૬માં ગોવિંદ બાગ શાક માર્કેટ સામેના પ્લોટમાં લાઇબ્રેરી બનાવવાનો પ્રોજેકટ આ બજેટમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે અને તેના માટે રૂા.૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

**- વોર્ડ નં. ૨માં નવો થીમ બેઇઝડ ગાર્ડન :**

શહેરના વિવિધ વિસ્તારના લોકોને ઘર આંગણે જ સુંદર બગીચની સુવિધા મળી રહે તે માટ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમયાંતરે જુદા જુદા વિસ્તારમાં નવા ગાર્ડન બનાવવામાં આવે છે. આગામી વર્ષમાં રૂા.૫૦ લાખના ખર્ચે વોર્ડ નં.૨માં નવો થીમ બેઇઝડ બગીચો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

**- શહેરમાં જુદી જુદી જગ્યાએ પાંચ નવા થીમ બેઇઝડ ગાર્ડન :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં લોકોના હરવા ફરવા તથા પર્યાવરણીય સમતુલા જાળવવા માટે બગીચા બનાવવામાં આવે છે, પરંતુ લોકોને નવું કાંઇક જોવા જાણવા મળે તેમજ જાહેર હિતમાં ઉપયોગી થઇ શકે તેવી બાબતો અંગે જનજાગૃતિ કેળવી શકાય તેવા સંદેશાનો પ્રસાર થાય તેવા ઉમદા આશયથી શહેરના વિવિધ વિસ્તારમાં જુદી જુદી થીમ જેવી કે, સ્માર્ટ સિટી, ઉર્જા શકિત, વાયુશકિત, જળશકિત તથા પર્યાવરણ વગેરે અંગે લોકજાગૃતિ કેળવી શકાય તેવા સંદેશાઓને આવરી લઇ નવા પાંચ થીમ બેઇઝડ બગીચા બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ માટે રૂા.૩૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**- દિવાળીના તહેવાર નિમિતે કાર્નિવલ :**

રંગીલા રાજકોટની ઉત્સવપ્રેમી જનતાને વખતોવખત અલગ અલગ પ્રસંગની ઉજવણીમાં સામેલ થવાનો મોકો પ્રાપ્ત થાય તે માટે આગામી વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરી તથા રાજકોટ મહાનગરપાલિકાના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવે છે. હવે આગામી વર્ષમાં એક નવા પ્રસંગની ઉજવણીનું ઉમેરો કરી, દિવાળીનાં તાહેવાર પર એક શાનદાર કાર્નિવલનું આયોજન કરવામાં આવશે. વિશેષ બની રહેનાર આ કાર્નિવલ માટે રૂા.૧૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

**- મહિલાઓ માટે ટ્રેડિશનલ હેન્ડીકાફ્ટ કાર્નિવલ :**

માત્ર રાજકોટ જ નહિ પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના બહેનો માટે હસ્તકલા પ્રવૃતિઓને પ્રોત્સાહન મળે અને તેના માધ્યમથી મહિલાઓને આર્થિક ઉપાર્જન પણ થાય તેવા આશયથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષમાં ટ્રેડિશનલ હેન્ડીકાફ્ટ કાર્નિવલનું આયોજન કરવામાં આવશે. આ માટે રૂા.૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**- મહિલા કોલેજ અન્ડરબ્રિજમાં સરદાર વલ્લભભાઇ પટેલ થીમ બેઇઝડ ચિત્રીકરણ :**

આપણા દેશ માટે અપ્રતિમ યોગદાન આપી ચુકેલા મહાનુભાવોની સ્મૃતિમાં કંઇક વિશેષ કાર્ય કરી શકાય તે માટે રાજકોટ મહાનગર--પાલિકા દ્વારા મહિલા કોલેજ અન્ડર બ્રીજમાં સરદાર વલ્લભભાઇ પટેલ થીમ બેઇઝડ ગ્લાસ મોઝેકથી ચિત્રીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ માટે રૂા.૧૦૦ લાખની જોગવાઇ કરી છે.

**- ગરીબ દર્દીઓને સહાય :**

શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને પણ આધુનિક મેડિકલ સર્વિસ મેળવવી પોંસાય એમ નથી. આ સંજોગોમાં દર્દીઓને શહેરની સેવાભાવી હોસ્પિટલોમાં ગંભીર દર્દ અને બીમારીમાં વિનામૂલ્યે યોગ્ય સારકાર મળી રહે તેવા ઉમદા આશય સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નક્કી થયેલી હોસ્પિટલોને આર્થિક સહાય આપવામાં આવશે. આ માટે કુલ રૂા.૧૧૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં થેલેસેમિયા માઇનોર અને જુવેનાઇલ ડાયાબીટીસના દર્દીઓની સારવાર માટે પાંચ પાંચ લાખની જોગવાઇનો પણ સમાવેશ થાય છે.

**- વોર્ડ નં.૧૩માં નવો કોમ્યુનિટી હોલ :**

શહેરીજનો તેઓના વિવિધ સામાજિક પ્રસંગોએ તેમના નજીકના વિસ્તારમાં કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવે છે. ખાનગી હોલ કે પાર્ટી પ્લોટની સરખામણીએ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત કોમ્યુનિટી હોલ અત્યંત રાહત દરે મળી રહેતા હોઇ આ સુવિધા શહેરીજનો માટે આશીર્વાદરૂપ બને છે તે સર્વવિદિત છે આ સુવિધાનું માળખું વધુ મજબુત બનાવવા શાસકપક્ષે વોર્ડ નં.૧૩ આંબેડકરનગરમાં આરોગ્ય કેન્દ્ર પાસે એક કોમ્યુનિટી હોલ બનાવવાનું નક્કી કર્યું છે. આ પ્રોજેકટ માટે રૂા.૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

**- વોર્ડ નં.૧૦માં નવો કોમ્યુનિટી હોલ :**

રાજકોટ મહાનગરપાલિકાનો અભિગમ એવો છે કે, લોકોને તેઓના સામાજિક પ્રસંગો ઘરની નજીક જ ઉજવવાની સગવડતા મળી રહે તે માટે ગત વરસો દરમ્યાન જુદા જુદા વોર્ડમાં કોમ્યુનિટી બનાવવામાં આવેલ છે. આ સીલસીલો આગળ ધપાવતા વોર્ડ નં. ૧૦ માં પણ એક આધુનિક કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન છે. આ પ્રોજેકટ માટે રૂા.૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

**- શહેરના રાજમાર્ગો પર એકસમાન ડીવાઇડર :**

રાજકોટ શહેરની સુંદરતામાં વધારો થાય અને મુખ્ય જાહેર માર્ગો પર એકરૂપતા જળવાય તે માટે ત્રણેય ઝોનમાં આવતા મુખ્ય જાહેર માર્ગો પર એક જ પેટર્નના ડીવાઇડર બનાવવામાં આવશે અને આ પ્રોજેકટ માટે રૂા.૧૦૦૦ લાખની જોગવાઇ કરી છે.

**- ઇન્ટરસ્કૂલ ગેઇમ્સ :**

રાજકોટ મહાનગરપાલિકાના અગાઉના વર્ષમાં શાનદાર ઢબે ઇન્ટર સ્કૂલ ગેઇમ્સનું આયોજન પણ મહાનગરપાલિકાએ કર્યું હતું. આ સીલસીલો આગામી વર્ષમાં પણ આગળ ધપાવવામાં આવશે.

રાજકોટના બાળકો સ્કૂલ કક્ષાએથી જ કેળવણીની સાથોસાથ ખેલકૂદ સહિતની રચનાત્મક પ્રવૃતિઓમાં ભાગ લઇ સ્વસ્થ, ખડતલ અને ખેલદિલ માનવી બને તેવા ઉમદા આશયથી મહાનગરપાલિકા દ્વારા ક્રિકેટ, હોકી, ફૂટબોલ, ટેનિસ સહિતની શાળાકીય ટ્રેક એન્ડ ફીલ્ડની વિવિધ રમતોની સ્પર્ધાઓ સાથેની ઇન્ટર સ્કુલ ગેમ્સનું આયોજન કરવામાં આવશે. આ સમગ્ર આયોજન માટે રૂા.૨૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

**- સ્પોર્ટસ પ્રવૃતિને પ્રોત્સાહન આપવા ફ્રી મેમ્બરશીપ :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલુ સાલે શહેરની વિવિધ સંસ્થાઓના સહકારથી સ્પોર્ટસ ફિએસ્ટાનું આયોજન કરવામાં આવેલ. આ પ્રકારની પ્રવૃતિઓને ઉતેજન આપવાના હેતુથી સ્પોર્ટસ ફિએસ્ટામાં વ્યકિતગત ગેમ્સના વિજેતાઓને ૧ વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકાના જે તે ગેમ્સના સંકુલમાં ફ્રી મેમ્બરશીપ આપવામાં આવશે તથા આવતા વર્ષના વિજેતાઓને પણ આ સગવડતા પૂરી પાડવામાં આવશે.

**- સોલાર એનર્જી :**

રાજકોટ મહાનગરપાલિકાએ સોલાર એનર્જીના વપરાશને પ્રોત્સાહન મળે અને મહાપાલિકાના જે તે સંકુલમાં વિજળી ખર્ચમાં શકય તેટલી બચત થાય તે માટે આગામી વર્ષમાં શ્રોફ રોડ લાઇબ્રેરી તથા અમીન માર્ગ સિટી સિવિક સેન્ટર-લાઇબ્રેરી બિલ્ડીગ, ઉપરાંત ત્રણેય ઝોનના એક એક આરોગ્ય કેન્દ્રમાં સોલાર ઉર્જા સિસ્ટમ મુકવામાં આવશે.

**- તહેવારો પર મહિલાઓને વિનામૂલ્યે બસ મુસાફરી :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહિલાઓને ગત સાલ રક્ષા બંધનનાં તહેવારો પર સિટી બસ અને બી.આર.ટી.એસ.માં વિનામૂલ્યે મુસાફરી કરવાની સુવિધા પ્રદાન કરી હતી. આ જ પ્રમાણે આગામી વર્ષમાં રક્ષા બંધન ઉપરાંત ભાઇ બીજનાં તહેવાર ઉપર પણ બહેનોને સિટી બસ અને બી.આર.ટી.એસ.ની બસમાં વિનામૂલ્યે મુસાફરી કરવાની સુવિધા આપવામાં આવશે.

**- કવિ શ્રી રમેશ પારેખ રંગદર્શન રીનોવેશન :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી શકાય તે માટે રેસકોર્ષ સંકુલમાં અદ્યતન ઓપન એર થીયેટર બનાવવામાં આવેલ છે તેમાં વર્તમાન સમયને અનુરૂપ આધુનિક સુવિધા આપવા માટે જરૂરી સુધારા વધારા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**- પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર:**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા દેશના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને જુદા જુદા રોગોની સારવાર માટે મોંઘી દવાના પર્યાય તરીકે રાહત દરથી દાવાઓ મળી રહે તે માટે દેશભરામાં પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રની યોજના અમલમાં મૂકેલ છે. જેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા પણ રાજ્યભરમાં આ સુવિધા આપવામાં આવી રહી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કુલ ૬ જગ્યાએ પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર શરૂ કરવામાં આવશે.

**- ત્રિકોણબાગ પાસે મલ્ટીલેવલ પાર્કિંગ :**

શહેરમાં ટ્રાફિકથી ધમધમતા ત્રિકોણબાગ વિસ્તારમાં મુખ્ય બજારના વેપારીઓ તથા ગ્રાહકોને વાહન પાર્કિંગમાં પડતી મુશ્કેલી નિવારણ ત્રિકોણબાગ પાસે એ ડિવિઝન પોલીસ સ્ટેશન વાળી જગ્યામાં મલ્ટી લેવલ પાર્કિંગ કરવામાં આવનાર છે. હાલ તુરત આ જર્જરિત બિલ્ડીગ ડીમોલીશ કરી, ત્યાં પે એન્ડ પાર્કિંગ શરૂ કરવામાં આવશે.

**- સીમાવર્તી વોર્ડમાં રસ્તાકામ માટે વિશેષ જોગવાઇ :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નવવિકસિત એવા કોઠારિયા, વાવડી, મવડી, નાના મવા, રૈયા અને મોરબી રોડ પરના વોર્ડમાં રસ્તાની સુવિધા આપવા માટે રૂા.૧૦૦૦ લાખની તથા ટી.પી. રસ્તા માટે વધારાની રૂા.૧૦૦૦ લાખ મળી કુલ રૂા.૨૦૦૦ લાખની વધારાની જોગવાઇ કરવામાં આવેલ.

## બજેટની અન્ય જાહેરાત

| | | |
|---|---|---|
| ૧. | કે.કે.વી. સર્કલ પાસે અન્ડર પાસ | ૧૦૦ લાખ |
| ૨. | લક્ષ્મીનગર પાસે આવેલ નાલુ પહોળુ કરી નીચું ઉતારવાની કામગીરી | ૧૦૦ લાખ |
| ૩. | ૬ હાઇસ્કૂલ માટે રમતગમત ઇન્ફ્રાસ્ટ્રકચર | ૫૦ લાખ |
| ૪. | ૬ હાઇસ્કૂલ માટે રમતગમતના સાધનો | ૧૫ લાખ |
| ૫. | વોર્ડ ન.૧૦માં સ્પોર્ટસ સંકુલ | ૨૦૦ લાખ |
| ૬. | સ્થાનીક કોચને નેશનલ કોચ દ્વારા કોચીંગ | ૨૫ લાખ |
| ૭. | વોર્ડ નં.૪માં ભગવતીપરા તથા વોર્ડ નં.૧૦માં બે નવી હાઇસ્કૂલ | ૪૦૦ લાખ |
| ૮. | વોર્ડ નં.૬માં ગોવિંદબાગ શાક માર્કેટ સામે ત્રાસીયા પ્લોટમાં લાઇબ્રેરી બનાવવી | ૧૦૦ લાખ |
| ૯. | વોર્ડ નં. ૨માં થીમબેઇઝ બગીચો બનાવવો | ૧૦૦ લાખ |
| ૧૦. | શહેરની જુદી જુદી પાંચ જગ્યાએ થીમબેઇઝ બગીચા બનાવવા | ૩૦૦ લાખ |
| ૧૧. | દિવાળીના તહેવારો નિમિતે કાર્નિવલ | ૧૦૦ લાખ |
| ૧૨. | ફકત મહિલાઓ માટે સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારને આવરી લેતી ટ્રેડીશનલ હેન્ડીકાફ્ટ કાર્નિવલ | ૫૦ લાખ |
| ૧૩. | મહિલા કોલેજ પાસે અંડરબ્રિજમાં ગ્લાસમોઝેકથી સરદાર વલ્લભભાઇ પટેલ થીમ બેઇઝ ચિત્રીકરણ | ૧૦૦ લાખ |
| ૧૪. | ગરીબદર્દીઓ માટે જુદી જુદી હોસ્પિટલોને સહાય આપવા | ૧૧૦ લાખ |
| ૧૫. | વોર્ડ નં.૧૩માં આંબેડકરનગર આરોગ્યકેન્દ્ર પાસે કોમ્યુનિટી હોલ બનાવવો | ૧૦૦ લાખ |
| ૧૬. | વોર્ડ નં.૧૦માં કોમ્યુનિટી હોલ બનાવવો | ૧૦૦ લાખ |
| ૧૭. | શહેરના મુખ્યમાર્ગોની રોડ ડિવાઇડર એક જ પેટર્નની બનાવવી | ૧૦૦૦ લાખ |
| ૧૮. | ઇન્ટરસ્કૂલ ગેઇમનું આયોજન | ૨૫ લાખ |

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પેવર કામમાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ શરૂ કરાયો

**શહેરમાંથી હવે પ્લાસ્ટિકનો નિકાલની સાથે જ તેનો રોડ બનાવવામાં પણ ઉપયોગ કરી શકાશે :**

**રસ્તાનું મેઈન્ટેનન્સ ઘટશે અને રાજકોટ મહાનગરપાલિકાને લાંબા ગાળે આર્થિક ફાયદો**

**મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ પેવર પ્લાન્ટની મુલાકાત લઈ કામગીરી નિહાળી**







રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં બનાવવામાં આવી રહેલા રસ્તાના પેવક કામમાં હવે પ્લાસ્ટીકનો ઉપયોગ પ્રાયોગિક ધોરણે શરૂ કરાયો છે. પેવર કામ માટે પ્લાન્ટમાં તૈયાર કરવામાં આવતા ડામર-ઝીણી કપચીના માલની પ્લાસ્ટિક વેસ્ટનું મિશ્રણ કરવાનું શરૂ કરવામાં આવેલ છે તેમ મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું.

તેમણે વિશેષમાં એમ પણ કહ્યું હતું કે, પેવર કામમાં પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગથી કેટલાક ફાયદા થશે, જેમ કે ધીરે ધીરે શહેરમાંથી પ્લાસ્ટિકનો નિકાલ થવાથી પર્યાવરણની જાળવણી થશે. ઉપરાંત પેવર રોડની ગુણવત્તા પણ વધુ સારી રહેશે.

મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ તાજેતરમાં કાલાવડ રોડ પર સ્થિત પેવર પ્લાન્ટની મુલાકાત લીધી હતી. અત્યારસુધી પેવર પ્લાન્ટમાં ડામર અને ઝીણી કપચીના મિશ્રણથી રોડ બનાવવાનું મટીરીયલ તૈયાર થતું હતું. જોકે હવે તેમાં પ્લાસ્ટિક બેગ / પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરતા પૂર્વે અન્ય મશીનરીની મદદથી તેના એકદમ બારીક કટકા કરવામાં આવે છે. ત્યારબાદ તેને ડામર અને ઝીણી કપચીનો માલ તૈયાર કરતા મશીનમાં એ માલ સાથે જ ઉમેરવામાં આવે છે.

હાલ પ્રાયોગિક ધોરણે રાજકોટ મહાનગરપાલિકાએ, શહેરના વિવિધ વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૪૦ માઇક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિક વેસ્ટ/બેગ શહેરમાંથ ૫ (પાંચ) ટન જપ્ત કરેલ છે. પ્લાસ્ટિકના આ જથ્થાનો ઉપયોગ શહેરમાં બનતા પેવર રસ્તાનાં કામોમાં વપરાશ કરવાનું તા. ૨૪-૧૨-૨૦૧૬ થી હાથ ધરાયેલ છે. આ કાર્યની વિશેષતા એ રહેશે કે, પ્લાસ્ટિકનો વપરાશ પેવર રસ્તાના કામોમાં થવાથી પ્લાસ્ટિકનો નિકાલ થશે અને પર્યાવરણની જાળવણી થશે અને આ રસ્તાની ઉનાળાનાં સમયે ઓછા ગરમ થશે જેના કારણે રસ્તાનું મેઈન્ટેનન્સ ઘટશે અને રાજકોટ મહાનગરપાલિકાને લાંબા ગાળે આર્થિક ફાયદો થનાર છે તેમ પણ મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ઉમેર્યું હતું.પેવર પ્લાન્ટનીમ મુલાકાત દરમ્યાન સિટી એન્જી. શ્રી ચિરાગ પંડયાએ મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીને પેવર પ્લાન્ટની કામગીરી વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ તકે ડેપ્યુટી એન્જી. શ્રી પી. વી. પટેલીયા વગેરે અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતાં.

| ક્રમ | ઝોન | વોર્ડ નં | કામનું નામ | ડામરનો અંદાજીત જથ્થો | પ્લાસ્ટિકનો અંદાજીત જથ્થો | અંદાજીત રકમ (લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઈસ્ટ ઝોન | ૫ | સેટેલાઇટ ચોકથી કુવાડવા રોડ | ૨૩૭.૨૮૫ ટન | ૧.૧૪૭ ટન | |
| ૨ | ઈસ્ટ ઝોન | ૫ | શાળા નં. ૩૨ થી ટુન્કુ પ્રિન્ટ (પેડક રોડ) | ૩૬૧.૪૬૦ ટન | ૧.૫૭૮ ટન | |
| ૩ | ઈસ્ટ ઝોન | ૫ | શાળા નં. ૩૨ થી ટુન્કુ પ્રિન્ટ (પેડક રોડ) | ૯૫.૮૫૫ ટન | ૦.૪૫૩ ટન | |
| ૪ | સેન્ટ્રલ ઝોન | ૧૪ | માસ્તર સોસા., વાણીયાવાડી, કેનાલ રોડ, શ્રીરામ પાર્ક, કેવડાવાડી (પેચવર્ક) | ૧૨.૦૨૫ ટન | ૦.૦૫૬ ટન | |
| ૫ | સેન્ટ્રલ ઝોન | ૧૩ | સ્વાર્શ્ય સોસા. મે. રોડ (પેચવર્ક) | ૨૧.૯૭૫ ટન | ૦.૧૦૪ ટન | |
| ૬ | સેન્ટ્રલ ઝોન | ૩ | પોપટપરા (પેચવર્ક) | ૨૨.૫૫૦ ટન | ૦.૧૦૭ ટન | |
| ૭ | સેન્ટ્રલ ઝોન | ૭ | મનહર પ્લોટ શેરી નં.૧,૨,૩,૧૬ ૧૭ અને ૧૮/રાષ્ટ્રીય શાળા મે. રોડ | ૧૮૨.૩૮૦ ટન | ૦.૮૮૮ ટન | ૨૭.૦૦ |
| ૮ | સેન્ટ્રલ ઝોન | ૧૩ | આંબેડકરનગર,ખોડીયારનગર, સમ્રાટ ઈન્ડ., અલ્કા સોસા.-૩, પી.ડી.એમ. કોલેજ પાસે, કૃષ્ણનગર મે. રોડ અને ગોકુલધામ મે. રોડ (પેચવર્ક) | ૨૫.૨૧૦ ટન | ૦.૧૨૩ ટન | |

સ્માર્ટ રાજકોટ
રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. ડિસે.-૨૦૧૬,જાન્યુ.-ફેબ્રુ.-૨૦૧૭

# સેલ્ફી વિથ 'સફાઇ કે સિતારે' : હજ્જારો નાગરિકો ઉમટી પડયા













# રેસકોર્ષમાં ફન સ્ટ્રીટ ખાતે મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની સહિતના અનેક મહાનુભાવોએ સફાઇ કામદારો સાથે સેલ્ફી ખેંચી

શહેરના નાગરિકોને દરરોજ સવારે સ્વચ્છતાની સુંદર ભેંટ આપી રહેલા સફાઇ કામદારો પ્રત્યે ઋણ વ્યકત કરવાનો એક અનુપમ કાર્યક્રમ સેલ્ફી વિથ 'સફાઇ કે સિતારે' તા. ૧-૧-૨૦૧૭ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અદાણી ફાઉન્ડેશન અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના સહયોગ સાથે રવિવારે તા. ૧-૧-૨૦૧૭ના રોજ સવારે ૮.૩૦ કલાકે રેસકોર્ષ સ્થિત ફન સ્ટ્રીટ ખાતે યોજાયો હતો. જેમાં રેસકોર્ષ 'ફન સ્ટ્રીટ' અને રાજકોટનાં



'ચિત્રનગરી' પ્રોજેકટનાં પ્રણેતા મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટનાં તમામ હોદ્દેદારો તરફથી પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. અભૂતપૂર્વ બની ગયેલા આ કાર્યક્રમમાં હજ્જારોની સંખ્યામાં શહેરીજનો ઉમટી પડયા હતા.

મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, અદાણી ફાઉન્ડેશનના ડાયરેકટર શ્રી સુષ્મા ઓઝા, કોઓર્ડિનેટર શ્રી ભાવિન અધ્યારૂ, કોમ્યુનિકેશન હેડ શ્રી શૈલેન્દ્રભાઇ નોટિયા, અને પર્યાવરણ શિક્ષણ પ્રોગ્રામ ડાયરેકટર શ્રી રૂચિરભાઇ શાહ, તેમજ 'ચિત્રનગરી' પ્રોજેક્ટ અને રેસકોર્ષ 'ફન સ્ટ્રીટ'ના પ્રણેતા અને મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટના વડા શ્રી જીતુભાઇ ગોટેચા તથા શ્રી જગદીશભાઇ છાપિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા અનોખા કાર્યક્રમ 'સ્વચ્છાગ્રહ'માં સૌ કોઇએ સફાઇ કામદારો સાથે સેલ્ફી ખેંચી તેઓના ઉત્સાહ વધાર્યો હતો. માત્ર એટલું જ નહી સફાઇ કામદારો જે ઉત્તમ કાર્ય કરીને આપણા શહેરને સ્વચ્છ અને સુંદર શહેરની ઓળખ અપાવે છે તે બદલ તેમના પ્રત્યે આભાર પણ પ્રદર્શિત કર્યો હતો. આ ઉપરાંત તેઓ સાથે વિચારોની આપ-લે કરીને તેઓના આત્મગૌરવમાં પણ ખુબ વધારો કરેલ હતો. સાથોસાથ આ અવસરે કલાકારોના એક સમૂહ દ્વારા 'સ્વચ્છતા અને સ્વચ્છાગ્રહી' શિર્ષક આધારિત નાટક પણ રજુ કર્યું હતું.

ફન સ્ટ્રીટ ખાતે ઉપસ્થિત લોકોએ સફાઇ કામદારો સાથે સેલ્ફી ખેંચવા ઉપરાંત તેઓની સાથે ગીત સંગીતના તાલ પર ડાન્સ પણ કરી તેમના ઉત્સાહમાં જબરદસ્ત વૃદ્ધિ કરી હતી. આ સ્થળે એક સેલ્ફી કોર્નર પણ રાખવામાં આવેલ જ્યાં એક વિરાટકાય અરીસા સામે ઉભા રહી લોકો પોતાની તસવીર ખેંચાતા હતાં. આ અરીસા પણ મોટા અક્ષરોમાં 'સ્વચ્છાગ્રહી' લખવામાં આવેલું હતું. સ્થળ પર એક વિશાળ બેનર રાખવામાં આવ્યું હતું જેમાં મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની સહિતના મહાનુભાવો તેમજ જાહેર જનતાએ પોતે 'સ્વચ્છાગ્રહી' છે તેવા સંદેશા લખ્યા હતાં.

સેલ્ફી વિથ 'સફાઇ કે સિતારે' કાર્યક્રમમાં મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ તેમના ઉદબોધનમાં એમ જણાવ્યું હતું કે, શહેરના માર્ગો અને જાહેર સ્થળોને સાફ રાખવાનું ઉમદા કાર્ય કરતા અને કયારેય પ્રકાશમાં ન આવતા અનેક સફાઇના સિતારાઓ કામ કરી રહ્યા છે, જેને આપણે સફાઇ કામદાર તરીકે આપણે ઓળખીયે છીએ. તેમની સાથે સેલ્ફી લેવાનો આ કાર્યક્રમ તેમના મહાન યોગદાનને આપણે સ્વીકારવાનો અને આભાર વ્યકત કરવા માટેનો છે. સ્વચ્છતાના સંસ્કાર સિંચન માટેના કાર્યક્રમ 'સ્વચ્છાગ્રહ' ખુબ મોટી સંખ્યામાં નાગરિકો સામેલ થયા એ ખુબ જ ઉત્સાહવર્ધક અને બિરદાવવાપાત્ર બાબત છે.

અદાણી ફાઉન્ડેશનના ડાયરેકટરશ્રી સુષ્મા ઓઝાએ તેમના અભિપ્રાયમાં કહ્યું હતું કે, રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીની 'સત્યાગ્રહ' ચળવળ પરથી પ્રેરિત થઇને અપનાવવામાં આવેલા 'સ્વચ્છાગ્રહ' અભિયાન હેઠળ પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર અને અદાણી ફાઉન્ડેશન દ્વારા રાજકોટ શહેરમાં ૭૦ આશરે કુલ ૧૫૦ જેટલી સ્કૂલના બાળકો 'સ્વચ્છાગ્રહી' બનવા તૈયાર થઇ રહ્યા છે. બાળકો અત્યારથી જ સ્વચ્છતા અને સફાઇ બાબતમાં વધુ ને વધુ જાગ્રુત બને તેમજ સફાઇ કાર્ય સંભાળી રહેલા સફાઇ કામદારો પ્રત્યે પણ તેઓ સમજદારીપૂર્વક આભારવશતા પ્રગટ કરતા થાય તેવા શ્રેષ્ઠ સંસ્કારોના સિંચન કરવાનો એક ધ્યેય પણ 'સ્વચ્છાગ્રહ' અભિયાન સાથે જોડાયેલો છે. શાળાઓના બાળકોમાં એવી સમાજ પણ કેળવવાનો એક આશય છે કે આપણા જ સમાજનું એક અભિન્ન અંગ એવા સફાઇ કામદારો સાથે તેઓ નિયમિત રીતે વાતચિત કરે અને એ બાબત ખાસ સમજે કે સફાઇ કામદારો જે સર્વોત્તમ કાર્ય કરી રહયા છે તે બદલ તેઓ હરહંમેશ આદર સત્કારને પાત્ર બની રહે છે. અદાણી ફાઉન્ડેશન દ્વારા ચાલતા આ કાર્યક્રમમાં પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર નોલેજ પાર્ટનર અને અમલીકરણ એજન્સી છે. સમગ્ર ગુજરાતના ૬ મોટા શહેરો રાજકોટ, અમદાવાદ, સુરત, આણંદ, ભુજ, વડોદરાની ૬૦૦ શાળાઓ સાથે આ કાર્યક્રમ ચાલી રહ્યો છે.

આવતા વર્ષમાં સ્વચ્છાગ્રહ કાર્યક્રમનું અમલીકરણ ભારતના ૧૨ રાજ્યોમાં થાય તેવું આયોજન છે. જેમાં શહેરના સ્વચ્છતાના પ્રશ્નો અંગે જન જાગૃતિ અને નાગરિક ઘડતરની વાત કરવામાં આવે છે. આ સમગ્ર અભિયાન સતત એક માસ સુધી એટલે કે, તા. ૧-૨-૨૦૧૭ સુધી ચાલશે અને તેમાં શાળાઓ તથા સમાજના વિવિધ વર્ગને સામેલ કરવામાં આવેલ છે.

